Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૨૦

## ઉ.....પ.....કા.....ર

અંતર્સ્વભાવની સન્મુખતા કરાવે ને પરથી વિમુખતા–ઉપેક્ષા કરાવે, એવો હિતોપદેશ જે સંતોએ આપ્યો, તે સંતોના ઉપકારને મુમુક્ષુ–સત્પુરુષો ભૂલતા નથી.

“હે જીવ! સ્વભાવ તરફ જવાથી જ તને શાંતિ થશે, બહારના લક્ષે શાંતિ નહિ થાય; પરદ્રવ્ય તને શાંતિનું દાતાર નથી, સ્વદ્રવ્ય જ તને શાંતિનું દાતાર છે...માટે પરથી પરાંગ્મુખ થઈને સ્વમાં અંતર્મુખ થા.”

–અહા! આવો ઉપદેશ ઝીલીને જે અંતર્મુખ થયો, તે મુમુક્ષુ તે ઉપદેશના દેનારા સંતોના ઉપકારને ભૂલતો નથી.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૬, જેઠ (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષઃ ૨૭ : અંક ૮

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

## "વિશ્વની શ્રેષ્ઠ નિધિઓ કરતાં પણ સમ્યક્ત્વ મહાન છે"

"મનુષ્યને નિધિ, સ્ત્રી અને વાહન વગેરેની પ્રાપ્તિ તો જગતમાં સુલભ છે.

પરંતુ સમ્યગ્દર્શનરૂપી રત્ન તો સામ્રાજ્ય કરતાંય દુર્લભ છે."

–કોણ કહે છે ઉપરનાં વચન ? સતી સીતા કહે છે.

–ક્યારે કહે છે ? જ્યારે રામચંદ્રજીની આજ્ઞાથી તેને ભીષણ વનમાં છોડી દેવામાં આવે છે ત્યારે વનમાંથી સતી સીતા કૃતાન્તવક્ર સેનાપતિ મારફત મહારાજ રામચંદ્રજીને સન્દેશમાં કહેવડાવે છે કે "તમે લોકનિંદાના ભયથી મને તો ગર્ભાવસ્થામાં ભીષણવનમાં છોડી દીધી પરંતુ એ પ્રમાણે ક્યાંક તે લોકનિંદાના ભયથી સમ્યગ્દર્શનને કે જિનેન્દ્રદેવની ભક્તિને ન છોડી દેશો. કેમકે–

"नरस्य सुलभं लोके निधि-स्त्री-वाहनादिकम्।
सम्यग्दर्शनरत्नं तु साम्राज्यादपि दुर्लभम्।।४२।।

(પદ્મપુરાણ પર્વ ૯૯)

*　　*　　*

## મુમુક્ષુનો સિદ્ધાંત

એક વખત સત્સમાગમમાં વસતા એક ગરીબ જિજ્ઞાસુની મુલાકાત થઈ... ચારેકોરની પ્રતિકૂળતાથી ઘેરાયેલા તે જિજ્ઞાસુને એક સાધર્મીએ કોમળતાથી કહ્યું–ભાઈ, ચાલો અમારી સાથે અમુક શહેરમાં, તમારી બધી મુશ્કેલીઓ દૂર થઈ જશે. ત્યારે તે જિજ્ઞાસુએ લાગણીપૂર્વક વૈરાગ્યથી જવાબ આપ્યોઃ ભાઈ, આપની લાગણી માટે આભાર! પરંતુ થોડીક સગવડ ખાતર આવો અલભ્ય સત્સમાગમ છોડવાનું હું કદી વિચારી શકું તેમ નથી. એક મુમુક્ષુ તરીકે મારો સિદ્ધાંત છે કે ગમે તેવાં અપમાન કે ગમે તેવી પ્રતિકૂળતા હો તોપણ સત્સમાગમ છોડવો નહિ, સંતજનોના સમાગમ ખાતર ગમે તેવું અપમાન કે પ્રતિકૂળતાઓ સહેવી તે કાંઈ મોટી વાત નથી. તે ભાઈ આ ઉત્તરથી પ્રસન્ન થયા અને કહ્યું કે ખરેખર આત્માર્થી જીવની આવી જ ભાવના હોવી જોઈએ. સત્સમાગમે આત્માર્થીતા સાધવા ખાતર મરણ જેટલા કષ્ટ સહન કરવા પણ તેણે તૈયાર રહેવું જોઈએ.

સંતો કહે છે કે હે જીવ! તું મરીને પણ તત્ત્વનો કૌતુહલી થા...મરણ જેટલા કષ્ટ આવી પડે તોપણ તેની ઉપેક્ષા કરીને સંતજનોના સમાગમમાં રહીને આત્માને સાધવામાં તત્પર થા.

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૬ જેઠ 1970 June

* વર્ષ ૨૭: અંક ૮ *

# જયવંત વર્તો વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ !

( શાસ્ત્રોનું હૃદય પરમ વીતરાગતામાં સમાય છે )

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલાં જે વીતરાગી શાસ્ત્રો, તે સર્વે શાસ્ત્રોનું તાત્પર્ય વીતરાગભાવ છે; વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે; શાસ્ત્રોનું સમસ્ત હૃદય પરમ વીતરાગતામાં જ રહેલું છે, એટલે રાગથી જુદો પડીને જ્ઞાનઅનુભૂતિવડે જ શાસ્ત્રનું હૃદય ઓળખી શકાય છે. આવું વીતરાગપણું જ મોક્ષમાર્ગમાં અગ્રેસર છે; માટે મુમુક્ષુએ સર્વથા વીતરાગભાવ જ કર્તવ્ય છે, રાગ જરાય કર્તવ્ય નથી.–

તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;
વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે. ૧૭૨

અહો, આ વીતરાગપણું જયવંત વર્તો, કે જે સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાર છે. વીતરાગતા કેમ થાય ? કે પોતાના સર્વજ્ઞસ્વભાવની સન્મુખ થઈને તેમાં એકાગ્ર થતાં રાગની ઉત્પત્તિ થતી નથી, એટલે સાક્ષાત્ મોક્ષમાર્ગરૂપ વીતરાગતા થાય છે. આ રીતે ભવ્ય જીવો વીતરાગ થઈને ભવસાગરને તરે છે; માટે મોક્ષાભિલાષી જીવો ક્યાંય પણ, જરા પણ રાગ ન કરો. અરિહંતો પ્રત્યેનો રાગ પણ મોક્ષનો બાધક છે, માટે તે રાગને પણ મુમુક્ષુ આદરણીય નથી માનતા. તેનાથી પાર એવો જે પૂર્ણ જ્ઞાનસ્વભાવ, શુદ્ધ આનંદ અમૃતથી ભરેલો સમુદ્ર તેમાં ડુબકી મારીને મુમુક્ષુ વીતરાગતા વડે ભવસાગરને તરી જાય છે. અહો, આવો વીતરાગમાર્ગ જયવંત વર્તો !

વીતરાગતારૂંપી અમૃતથી ભરેલો ચૈતન્યસમુદ્ર, તેમાંથી બહાર નીકળીને અરિહંતાદિ પરમ ઉપકારી પુરુષો પ્રત્યેનો શુભરાગ, તે પણ ચંદનવૃક્ષના અગ્નિની માફક અંતરમાં દાહને જ ઉત્પન્ન કરે છે. રાગ કાંઈ શાંતિ નથી આપતો, રાગ તો આકુળતારૂંપી દાહ ઉત્પન્ન કરે છે. વીતરાગી પરમાત્મા એવો પોતાનો સ્વભાવ, તેને છોડીને બહારમાં બીજા વીતરાગ પુરુષો પ્રત્યેનો રાગ તે પણ મોક્ષને માટે પાલવતો નથી; તેને પણ છોડીને જ્યારે જીવ વીતરાગ થાય ત્યારે જ તે મુક્તિ પામે છે.

શુભરાગના પુણ્ય વડે ભલે ઇન્દ્રસંપદા મળે તોપણ તેના લક્ષે જીવને રાગની બળતરા જ થાય છે. સ્વદ્રવ્યના આશ્રયને છોડીને જરાપણ પરદ્રવ્યનો આશ્રય થાય તેમાં રાગની બળતરા જ છે. અરે, જ્યાં આત્મા સિવાય અન્ય વીતરાગી પંચપરમેષ્ઠી ભગવંતોના આશ્રયનું બાહ્ય વલણ તેમાં પણ રાગ અને બળતરા છે, તો ઇન્દ્રની વિભૂતિ વગેરે પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યેના રાગની બળતરાનું તો શું કહેવું? ભાઈ! તારા આત્માનું જે શુદ્ધ પૂર્ણાનંદી સ્વરૂપ તેમાં જ તારી પરમ શાંતિ છે, તેમાં જ તારો મોક્ષમાર્ગ છે. એનાથી બહાર ક્યાંય જરાય શાંતિ કે હિત નથી.

રાગમાં જેને બળતરા ન લાગે ને તેમાં હિત લાગે તેને વીતરાગી મોક્ષમાર્ગની ખબર નથી, ચૈતન્યની શાંતિની તેને ખબર નથી; તે રાગને છોડીને વીતરાગમાર્ગને ક્યાંથી સાધશે? આચાર્ય ભગવાન સ્પષ્ટ કહે છે કે હે મોક્ષાર્થી જીવો! કોઈ પણ રાગમાં તમે રોકાશો નહીં, ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈને, સર્વત્ર કિંચિત પણ રાગ કરવાનું છોડીને વીતરાગભાવ વડે જ તમે ભવસાગરને તરશો. માટે તે જ કર્તવ્ય છે; તે જ શાસ્ત્રોનું પરમ હૃદય છે. મોક્ષાર્થીને આવા વીતરાગભાવ સિવાય બીજું કાંઈ પણ તાત્પર્ય નથી. રાગની અનુભૂતિથી તદ્દન ભિન્ન એવી જે જ્ઞાનઅનુભૂતિ, તે તાત્ત્વિક આનંદથી ભરેલી છે, અને એવી જ્ઞાનઅનુભૂતિ વડે શીઘ્ર પરમ આનંદમય મોક્ષદશા પ્રગટે છે.–આ રીતે મહાજનો મહાપુરુષો વીતરાગભાવ વડે મોક્ષને પામે છે.

રાગમાં ધર્મ માનીને જેઓ રોકાઈ ગયા છે તેઓ મહાજન નથી પણ તેઓ તો તૂચ્છ જન છે. મહાજન મહાપુરુષ તો ખરેખર તે છે કે જે રાગને સર્વથા છોડીને વીતરાગભાવવડે મોક્ષને સાધે છે. રાગમાં મોટાઈ નથી, મોટાઈ તો વીતરાગભાવમાં છે. વીતરાગભાવને જે આદરે છે તે જ ખરા મહાજન છે. તે મહાભાગ ભગવંતો અપુનર્ભવ એવા મોક્ષને માટે નિત્ય ઉદ્યમી છે. તેઓ ચેતનાવડે શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં સ્થિર થતા જાય છે, એટલે રાગ છોડીને વીતરાગ થતા જાય છે; એ રીતે અત્યંત સ્થિર જ્ઞાનઅનુભૂતિ વડે તાત્ત્વિક આનંદથી ભરપૂર મોક્ષને સાધે છે. આ રીતે વીતરાગભાવ વડે જ ભવસાગરને તરાય છે. માટે આવો વીતરાગભાવરૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગ જયવંત વર્તો!

(પંચાસ્તિકાય ગા. ૧૭૨)

# મોક્ષનો માર્ગ

**પરમ વૈરાગ્ય-પરિણતિરૂપ વીતરાગચારિત્ર તે માર્ગ છે,**
**તે પરમેશ્વરની આજ્ઞા છે.**

આત્માના જ્ઞાન–દર્શન સ્વભાવમાં અસ્તિત્વરૂપ જે વીતરાગચારિત્ર તે મોક્ષનો હેતુ છે. આવું ચારિત્ર રાગ વગરનું હોવાથી અનિંદિત છે એમ જિનભગવાને કહ્યું છે.

જીવનો સ્વભાવ જ્ઞાનદર્શન છે. જ્ઞાન–દર્શન જીવથી અનન્ય છે. તેઓ જીવથી જ રચાયેલા છે, એટલે કે જીવ પોતે જ્ઞાન–દર્શનસ્વરૂપ છે. આવા સ્વરૂપમાં જ ઉત્પાદ–વ્યય–ધ્રુવતારુંપ વર્તન તે ચારિત્ર છે, તે મોક્ષમાર્ગ છે, તેમાં રાગનો અભાવ છે, તેથી તે પ્રશંસનીય છે.

રાગનો અભાવ હોવાથી આ ચારિત્રને પ્રશંસનીય–અનિંદિત કહ્યું, એટલે જેમાં રાગનો સદ્ભાવ છે તે નિંદિત છે, તે મોક્ષમાર્ગ નથી–એમ તેમાં આવી ગયું. રાગમાં વર્તનરૂપ ચારિત્ર તેને પરસમય કહ્યું છે; તેના વગરનું સ્વભાવમાં પ્રવૃત્તિરૂપ જે ચારિત્ર છે તે સ્વસમય છે; તેને જ સાક્ષાત્ મોક્ષમાર્ગ તરીકે ધારણ કરવું.

જીવે સાક્ષાત્ મોક્ષના કારણરૂપ આ વીતરાગ ચારિત્રને જાણ્યું નહીં ને રાગાદિ પરભાવને જ મોક્ષનું કારણ સમજીને તેના સેવનથી સંસારમાં જ રખડયો.

ભાઈ! પ્રથમ તો નક્કી કર કે જીવનું સ્વરૂપ શું છે? રાગ કાંઈ જીવનું અનન્ય સ્વરૂપ નથી. જીવનું સ્વરૂપ તો જ્ઞાન–દર્શનમય છે તે જ્ઞાન–દર્શનસ્વરૂપમાં પ્રવૃત્તિ તે ચારિત્ર છે, તેમાં રાગનો અભાવ છે. આવું રાગ વગરનું ચારિત્ર તે મોક્ષનું કારણ છે. તેને જ પરમ વૈરાગ્ય કહેવાય છે.

આનંદથી સમૃદ્ધ એવા ભગવાન આત્મામાં વિશ્રાંતિ તે ચારિત્ર છે, તેમાં મોક્ષસુખનો અનુભવ છે; તેમાં રાગાદિ આકુળતાનો અભાવ છે. આવું વીતરાગી ચારિત્ર જ મોક્ષમાર્ગ છે. ખરેખર વીતરાગપણું તે જ સાક્ષાત્ મોક્ષમાર્ગમાં અગ્રેસર છે. અહો, સ્વતત્ત્વમાં વિશ્રાંતિ, તે પરમ આનંદથી ભરપૂર છે ને રાગનો તેમાં અત્યંત અભાવ છે. –આવી સ્વતત્ત્વમાં વિશ્રાંતિ તે જ મોક્ષનો માર્ગ છે.

માર્ગ એટલે પરમ વૈરાગ્ય, કરાવનારી, પરમેશ્વરની પરમ આજ્ઞા. અહો, રાગનો અંશ પણ જેમાં નથી એવા પરમ વૈરાગ્યરૂપ સ્વરૂપચારિત્ર તે જ જિનપરમેશ્વરની પરમ આજ્ઞા છે, તે જ ભગવાનનો માર્ગ છે. રાગ તે માર્ગ નથી, તે ભગવાનની આજ્ઞા નથી. રાગ તો પરસમય છે, તે ભગવાનની આજ્ઞા કેમ હોય? શુભરાગને જે મોક્ષમાર્ગ માને છે તે જીવ ભગવાનની આજ્ઞાને જાણતો નથી. સ્વસમયમાં પ્રવૃત્તિરૂપ પરમ વૈરાગ્ય–પરિણતિ–કે જે આનંદથી ભરપૂર છે તે જ ભગવાનની આજ્ઞા છે, ને તે જ માર્ગ છે.

ચારિત્રના બે પ્રકાર–એક સ્વચારિત્ર; બીજું પરચારિત્ર

સ્વસમયરૂપ સ્વચારિત્ર છે. પરસમયરૂપ પરચારિત્ર છે.

નિજ સ્વભાવમાં વર્તવારૂપ સ્વચારિત્ર છે. પરભાવમાં અવસ્થિત એવું પરચારિત્ર છે.

શુભરાગ પણ પરભાવમાં અવસ્થિતરૂપ પરચારિત્ર છે, પરસમય છે, તે માર્ગ નથી. સ્વભાવમાં અવસ્થિતરૂપ જે સ્વચારિત્ર છે તે, પરચારિત્રથી ભિન્ન છે એટલે રાગથી ભિન્ન છે, તેથી તે અનિંદિત છે. આવા પરમ વીતરાગ ચારિત્રને ભગવાને સાક્ષાત્ મોક્ષમાર્ગ કહ્યો છે. તેની ભાવના કરવા જેવી છે.

અરેરે, મોક્ષના કારણરૂપ શુદ્ધ વીતરાગચારિત્રને જાણ્યા વગર, રાગને મોક્ષનું સાધન માનીને અનંતકાળ અત્યાર સુધી મિથ્યાત્વ અને રાગાદિમાં જ લીનપણે વીત્યો,...હવે તો સ્વભાવમાં નિયત એવા વીતરાગચારિત્રની જ નિરંતર ભાવના કરવા જેવી છે.

ઉપયોગ રાગવડે રંજિત થાય, ચંચળ થાય તે પરસમય છે. શુભરાગને ધારણ કરનાર જીવ પણ સ્વચારિત્રથી ભ્રષ્ટ છે ને પરચારિત્રને આચરે છે. મોક્ષના કારણરૂપ ચારિત્રમાં શુભરાગ આવતો નથી, મોક્ષના કારણરૂપ ચારિત્ર તે તો સ્વચારિત્ર છે, ને શુભરાગ તો પરચારિત્ર છે, બંને ભિન્ન છે. પોતાના જ્ઞાન–દર્શન–સ્વભાવમાં નિયત –નિશ્ચલ–સ્થિર પરિણામરૂપ ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. આ સિવાયની જેટલી અશુભ કે શુભ પ્રવૃત્તિ છે તે પરચારિત્રરૂપ છે તેથી બંધનું કારણ છે અને તે મોક્ષનું કારણ હોવાનો ભગવાને નિષેધ કર્યો છે.

શુભભાવરૂપ વિકાર તે પુણ્યાસ્રવ છે, અશુભભાવરૂપ વિકાર તે પાપાસ્રવ છે, બંને ભાવો આસ્રવ છે, પણ તે કોઈ ધર્મ નથી; તે બંધનું જ સાધન છે, મોક્ષનું સાધન નથી. મોક્ષનું સાધન તો રાગથી ભિન્ન એવું સ્વચારિત્ર છે; અને તે સ્વચારિત્ર પોતાના ઉપયોગ સ્વભાવના સમ્યક્ શ્રદ્ધા–જ્ઞાનપૂર્વક તેમાં નિશ્ચલ એકાગ્રતા વડે પ્રગટે છે. –આવો મોક્ષમાર્ગ તે જ સાચો વીતરાગી મોક્ષમાર્ગ છે.

( પંચાસ્તિકાય ગા. ૧૪૫ )

# મોક્ષહેતુ અને સંસારહેતુ

## સમયસાર બંધઅધિકાર ઉપરનાં પ્રવચનોમાંથી

⌘ રાગ વગરના શુદ્ધ આત્માના સ્વાનુભવમાં જેની પરિણતિ જોડાયેલી નથી તેની પરિણતિ રાગ અને પુણ્યફળના ભોગવટામાં જ જોડાયેલી છે.

⌘ અસ્તિ–નાસ્તિના ન્યાયે સમજાવે છે કે જ્યાં શુદ્ધાત્માનો ભોગવટો નથી ત્યાં રાગનો ભોગવટો છે. જ્યાં મોક્ષમાર્ગ નથી ત્યાં બંધમાર્ગ છે, અને બંધમાર્ગમાં તો વ્યવહારનો એટલે કે અશુદ્ધઆત્માનો અનુભવ છે; જો શુદ્ધઆત્માનો અનુભવ હોય તો મોક્ષમાર્ગ હોય.

⌘ અજ્ઞાની શુદ્ધાત્માના અનુભવ વગર જે કાંઈ કરે છે તેમાં રાગનો જ અનુભવ છે એટલે તે સંસારનું જ કારણ છે. ભલે તે વ્રત–તપનો શુભરાગ કરે, શાસ્ત્રો ભણે, છતાં રાગના અનુભવ સિવાય બીજું કાંઈ તે કરતો નથી, એટલે તેનું બધુંય સંસારહેતુ જ છે, મોક્ષહેતુ જરાપણ નથી. રાગથી પાર એવા શુદ્ધાત્માનો અનુભવ તે જ મોક્ષહેતુ છે.

⌘ કેવો અનુભવ તે સંસારનું કારણ છે?

અશુદ્ધઆત્માનો અનુભવ તે ભવનું બીજ છે. શ્રી અમૃતચંદ્રાચાર્યે પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં એમ કહ્યું છે કે–આ આત્મા કર્મકૃત અશુદ્ધ ભાવોથી અસંયુક્ત હોવા છતાં, બાલિશ જીવોને એટલે કે અજ્ઞાનીઓને તે રાગાદિથી સંયુક્ત જેવો અશુદ્ધ પ્રતિભાસે છે; તેમનો આ પ્રતિભાસ જ ખરેખર ભવનું બીજ છે. (ગા.–૧૪)

⌘ બીજી રીતે કહીએ તો એકલા વ્યવહારનો આશ્રય કરીને આત્માને જે અશુદ્ધ જ અનુભવે છે તે જીવ સંસારમાં જ રખડે છે. અને વ્યવહારનો આશ્રય છોડીને શુદ્ધનય વડે શુદ્ધઆત્માને જે અનુભવે છે તે મોક્ષ પામે છે.–આ મહાન જૈનસિદ્ધાંત છે.

⌘ આત્માની પરિણતિને માટે બે બાજુ છે–

કાં તો અંતર્મુખ થઈને શુદ્ધસ્વભાવમાં ઝુકે એટલે શુદ્ધઆત્માને અનુભવે; અને કાં તો બીજી બાજુ રાગાદિ પરભાવોમાં ઝુકે એટલે અશુદ્ધતાને અનુભવે.

⌘ એક તરફ જ્ઞાનાનંદથી પરિપૂર્ણ શુદ્ધસ્વભાવ છે, બીજી તરફ રાગ–દ્વેષ–ક્રોધ–અજ્ઞાન આદિ પરભાવો છે. જે તરફ રુચિ કરીને તન્મયતા કરે તેવી પરિણતિ થાય સ્વભાવની રુચિ કરીને તેમાં તન્મય થતાં આનંદમય મોક્ષદશા થાય છે; રાગાદિની રુચિ કરીને તેમાં તન્મયપણું માનતાં દુઃખરૂપ સંસારદશા થાય છે.

⌘ એક નિજપદ છે, એક પરપદ છે; એક શુદ્ધ છે, એક અશુદ્ધ છે,–જ્યાં રુચે ત્યાં જાવ. અરે જીવ! જ્યાં સુધી તારા શુદ્ધસ્વભાવનો તું સ્વીકાર નહીં કર (શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ નહીં કર) ત્યાં સુધી બીજું ગમે તે કરવા છતાં તું મોક્ષ નહીં પામ, સંસારમાં જ રખડીશ. જો તું મોક્ષને ચાહતો હો તો શુદ્ધ ચૈતન્યમય કેવળજ્ઞાનસ્વભાવી એવા તારા આત્માને જાણ.

⌘ જ્ઞાન તેને કહેવાય કે જે જ્ઞાનસ્વભાવનો જ આશ્રય કરીને વર્તે. રાગનો કે પરનો આશ્રય કરીને વર્તે તે ખરેખર જ્ઞાન નથી; જ્ઞાનનું ફળ તો એ છે કે પરથી ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય શુદ્ધઆત્મા અનુભવમાં આવે. આવો જ્યાં અનુભવ નથી ત્યાં સાચું જ્ઞાન નથી.

⌘ જેટલો પરાશ્રિત ભાવ છે તે બધો બંધનું કારણ હોવાથી મોક્ષના સાધનમાં તેનો નિષેધ છે. જે અજ્ઞાની કુદેવ, તથા રાગને હિંસાને ધર્મ મનાવનારા કુગુરુ–કુશાસ્ત્રો તેનો આશ્રય કરવામાં તો મહા મિથ્યાત્વ પાપનું પોષણ છે, તેને તો વ્યવહારમાં પણ ગણતા નથી. અહીં તો જિનભગવાને કહેલા વ્યવહારની વાત છે. સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર કે જેઓ આત્માનું સત્ય સ્વરૂપ બતાવનારાં છે, તેમના તરફ ઢળતો જેટલો રાગાદિ પરાશ્રયભાવ છે તે પણ મોક્ષનું સાધન થતો નથી, તે માત્ર પુણ્યબંધનું કારણ છે.–તે મિથ્યાત્વ નથી તેમજ તે મોક્ષનું કારણ પણ નથી; તે પુણ્યનું એટલે કે સંસારનું કારણ છે. જો તે પરાશ્રિત રાગભાવને મોક્ષનું કારણ માને તો મિથ્યાત્વ થાય છે. સમ્યક્ત્વની ભૂમિકામાં એવો શુભરાગ હો પણ તેને મોક્ષનું સાધન સમકિતી માનતા નથી. શુદ્ધઆત્માના આશ્રયે જે શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર છે તે જ મોક્ષનું સાધન છે.

⌘ પરના આશ્રયરૂપ વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર ભલે હો, પણ જો શુદ્ધાત્માના અનુભવરૂપ નિશ્ચય શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર ન હોય તો ત્યાં મોક્ષમાર્ગ નથી; જો નિશ્ચય–શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધઆત્માનો સદ્ભાવ હોય તો જ મોક્ષમાર્ગ છે.

⌘ જ્યાં શુદ્ધાત્માના આશ્રયરૂપ મોક્ષમાર્ગ છે ત્યાં નવતત્ત્વ વગેરેના વિકલ્પરૂપ

વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર ન હોય તોપણ મોક્ષમાર્ગ ટકી રહે છે, કેમકે મોક્ષમાર્ગ શુદ્ધઆત્માના જ આશ્રયે છે, વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી. એટલે શુદ્ધ આત્માના આશ્રયરૂપ મોક્ષમાર્ગ તે એક જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

⌘ **આ રીતે શુદ્ધઆત્માનો જ આશ્રય કરાવનારો શુદ્ધનય ઉપાદેય છે-કેમકે તે મોક્ષનું કારણ છે; અને પરના આશ્રયરૂપ અશુદ્ધનય તે છોડવાયોગ્ય છે, કેમકે તે સંસારનું કારણ છે.-આવો જૈનસિદ્ધાંત સમજીને હે જીવો! તમે શુદ્ધાત્માની સન્મુખ થઈને મોક્ષમાર્ગરૂપ પરિણમો.**

* * *

## પરાશ્રિત બધાય વ્યવહારનો નિષેધ

⌘ **પ્રશ્નઃ- અજ્ઞાની**નો વ્યવહાર તો ભલે મોક્ષનું કારણ ન હોય, પણ જ્ઞાનીનો વ્યવહાર તો મોક્ષનું કારણ છે ને?

**ઉત્તરઃ-** ના; વ્યવહાર એટલે પરાશ્રિત ભાવ; જેટલો પરાશ્રયભાવ છે તે બંધનું કારણ છે;– પછી અજ્ઞાનીનો હો કે જ્ઞાનીનો, પણ કોઈ પરાશ્રયભાવ મોક્ષનું કારણ થતો નથી.


⌘ જ્યાં શુદ્ધઆત્માના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ છે ત્યાં પણ નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ, શાસ્ત્ર તરફનું જ્ઞાન કે છકાય જીવોની રક્ષાનો શુભરાગ એવા જે વ્યવહાર શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રના પરાશ્રિતભાવો હોય તે બંધના જ કારણ છે, ને તેના આશ્રયે મોક્ષમાર્ગ નથી, મોક્ષમાર્ગ તો શુદ્ધઆત્માના જ આશ્રયે છે. માટે શુદ્ધઆત્માનો જ આશ્રય કરનારો નિશ્ચય જ મુમુક્ષુને આદરણીય છે, ને પરાશ્રયરૂપ વ્યવહાર બંધનું કારણ હોવાથી તે નિષેધવા યોગ્ય છે.

⌘ નિર્વિકલ્પ અનુભવરૂપી ચૈતન્યગિરિ–ગૂફામાં જઈને નિશ્ચયરૂપ શુદ્ધઆત્માને ધ્યાવતાં, સમસ્ત પરાશ્રયરૂપ વ્યવહાર છૂટી જાય છે. આ રીતે નિશ્ચયનો આશ્રય કર્યો ત્યાં વ્યવહારનો આશ્રય ન રહ્યો, એટલે નિશ્ચયવડે વ્યવહારનો નિષેધ થઈ જાય છે. ‘આ વ્યવહાર છે ને તેનો નિષેધ કરૂં’–એમ વ્યવહાર સામે જોઈને તેનો નિષેધ નથી થતો, પણ વ્યવહારથી વિમુખ થઈ, પરનો આશ્રય છોડી, જ્યાં શુદ્ધસ્વભાવની સન્મુખ થઈને તે નિશ્ચયનો આશ્રય કર્યો ત્યાં પરસાથે એકતાબુદ્ધિ છૂટી ને સમસ્ત પરાશ્રયરૂપ વ્યવહાર છૂટી ગયો આ રીતે નિશ્ચયના આશ્રયમાં પરાશ્રિત વ્યવહારનો નિષેધ જાણવો.

પ્રશ્નઃ– શું કોઈ વ્યવહાર તે મોક્ષનું કારણ થાય ?

ઉત્તરઃ– હા; એક વ્યવહાર એવો પણ છે કે જે મોક્ષનું કારણ છે. કયો વ્યવહાર ? –‘આત્માના સ્વભાવની ભાવના તે આત્મ સ્વભાવરૂપ હોય છે, અને તે જ આત્મવ્યવહાર છે, અને તે વ્યવહાર જ આત્માને મુક્તિનું કારણ છે, બીજો વ્યવહાર મુક્તિનું કારણ નથી.’

એ જ શબ્દો કહાનગુરુના હસ્તાક્ષરમાં વાંચો–


ૐ
આત્માના સ્વભાવની ભાવના તે
આત્મ સ્વભાવરૂપ હોય છે અને તેજ આત્મવ્ય-
હાર છે. અને તે વ્યવહાર જ આત્માને મુક્તિનું
કારણ છે બીજો વ્યવહાર મુક્તિનું કારણ નથી.

–આ વ્યવહારને મોક્ષનું કારણ કહ્યું તે નિશ્ચયથી મોક્ષકારણ છે એટલે કે ખરેખર તે મોક્ષનું કારણ છે. આ સિવાય પરાશ્રિતભાવરૂપ બીજો કોઈ વ્યવહાર તે મોક્ષનું કારણ નથી. અને મોક્ષના કારણરૂપ આવો વ્યવહાર પણ શુદ્ધ નિશ્ચયસ્વભાવના આશ્રયે જ પ્રગટે છે; માટે તે નિશ્ચયસ્વભાવ જ આશ્રય કરવાયોગ્ય છે.

---

## ચાલો જાણીએ-શાસ્ત્રની અવનવી વાતો

⌘ સર્વાર્થસિદ્ધિદેવમાં અસંખ્યાતવર્ષે એકાદ જીવ ઊપજે છે.

⌘ દેવલોકમાં સર્વાર્થસિદ્ધિના જીવો કરતાં તીર્થંકર થનાર જીવો અસંખ્યાત ગુણા છે.

⌘ તીર્થંકર સરેરાશ દર આઠ વર્ષે એક થાય છે, જ્યારે સર્વાર્થસિદ્ધિનાદેવ અસંખ્યાત વર્ષે એક થાય છે.

⌘ દેવગતિમાં સર્વાર્થસિદ્ધિના દેવો સંખ્યાતા જ છે; જ્યારે ત્યાંથી નીકળીને સીધા તીર્થંકરપણે અવતરનારા જીવો અસંખ્યાતા છે.

⌘ દેવલોકમાં અને નરકમાં દરરોજ અસંખ્યાત જીવો ઊપજે છે, ને અસંખ્યાત જીવો મરે છે.

⌘ દેવલોકમાંથી અને નરકમાંથી મરીને, મોટા ભાગના જીવો તો તિર્યંચ ગતિમાં જ અવતરે છે, મનુષ્ય તો કોઈક જ થાય છે.

# અરિહંત પરમાત્માની સાચી સ્તુતિ

ભાવનગર શહેરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે સમયસાર ગાથા ૩૧ તથા ઋષભજિન–સ્તોત્ર ઉપરનાં પ્રવચનોમાંથી દોહન કરેલા ૮૧ બોલ પૂ. ગુરુદેવની ૮૧ મી જન્મજયંતિના ઉપલક્ષમાં ગતાંકમાં આપવાના હતા; પણ માત્ર દશ બોલ જ આવી શક્યા હતા તેથી અહીં એક સાથે ૮૧ બોલ આપવામાં આવ્યા છે. – બ્ર. હ. જૈન

૧. અહીં જિનેન્દ્રભગવાન સર્વજ્ઞ પરમાત્માની સ્થાપનાનો ઉત્સવ થાય છે. સર્વજ્ઞભગવાનને ઓળખીને તેમની પરમાર્થ–સ્તુતિ કેમ થાય? તે વાત આચાર્યદેવ આ સમયસારની ૩૧મી ગાથામાં સમજાવે છે. દરેક આત્મા સર્વજ્ઞસ્વભાવથી પરિપૂર્ણ છે, તેનું ભાન કરીને એકાગ્રતા દ્વારા જેઓ સર્વજ્ઞ પરમાત્મા થયા, તેમની વાણીમાં આત્માનું જેવું શુદ્ધસ્વરૂપ કહ્યું, તેવું વીતરાગીસંતોએ જાતે અનુભવીને શાસ્ત્રમાં કહ્યું છે. એવું આ સમયસાર શાસ્ત્ર છે, તેના લિખિતંગ શ્રી કુંદકુંદાચાર્ય અને સાક્ષી સર્વજ્ઞપરમાત્મા સીમંધરભગવાનની!

૨. સર્વજ્ઞદશા પ્રગટ થવાની તાકાત દરેક આત્મામાં છે. એવી સર્વજ્ઞદશા પ્રગટ થતાં શરીર પણ એવું સ્ફટિક જેવું પરમ ઔદારિક થઈ જાય છે કે તેમાં જોતાં જોનારને સાતભવ દેખાય છે એ સર્વજ્ઞને ક્ષુધા હોતી નથી, રોગ થતો નથી કે ખોરાક હોતો નથી; હોઠના હલનચલન વગર સહજપણે દિવ્ય વાણી નીકળે છે. આવી અલૌકિક વીતરાગદશા પામેલા સર્વજ્ઞપરમાત્મા અત્યારે પણ વિદેહક્ષેત્રમાં બિરાજે છે. એવા સીમંધરપરમાત્મા પાસે અહીંથી કુંદકુંદાચાર્યદેવ ગયા હતા. આ વાત સાક્ષાત્ સિદ્ધ થયેલી છે. બે હજાર વર્ષ પહેલાં થયેલા આવા આચાર્યદેવે આ સમયસાર શાસ્ત્ર રચ્યું છે. જૈનશાસનનું આ અલૌકિક શાસ્ત્ર છે. તેમાં આત્માની વાર્તા છે.

૩. આત્માના સ્વભાવની વાત જીવે અંદરના પ્રેમપૂર્વક કદી સાંભળી નથી; રાગ–દ્વેષ અને પુણ્ય–પાપની વાત સાંભળીને તેનો આદર કર્યો છે. અહીં દેહથી

ભિન્ન, રાગાદિથી ભિન્ન અને ખંડખંડ જ્ઞાનથી પણ પાર એવો અખંડ જ્ઞાયકસ્વભાવી આત્મા આચાર્યદેવ ઓળખાવે છે. આવા આત્માનો અનુભવ તે સર્વજ્ઞપરમાત્માની ખરી સ્તુતિ છે. રાગમાં ઊભો રહીને સર્વજ્ઞપરમાત્માની સ્તુતિ થઈ શકતી નથી, સર્વજ્ઞપરમાત્માની જાતમાં ભળીને, એટલે કે તેમના જેવો અંશ પોતામાં પ્રગટ કરીને જ સર્વજ્ઞભગવાનની નિશ્ચયસ્તુતિ થાય છે. એવી સાચી સ્તુતિનું સ્વરૂપ આ ૩૧મી ગાથામાં કહે છે–

**જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**

**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જિતેન્દ્રિય તેહને.**

૪. સર્વજ્ઞભગવાનની સાચી સ્તુતિ એટલે કે આત્માના જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરવા તે; પરમાર્થે આ આત્મા સર્વજ્ઞભગવાન જેવો છે. સમયસાર ગા. ૭૨ વગેરેમાં આત્માને જ ભગવાન કહ્યો છે. ગુરુના ઉપદેશથી પોતાના પરમેશ્વર આત્માને જાણ્યો એમ ગા. ૩૮માં કહ્યું છે. આસ્રવો –પુણ્ય–પાપ તે તો અશુચી–અપવિત્ર છે ને ભગવાન આત્મા તો અત્યંત પવિત્ર છે–એમ ગા. ૭૨માં કહ્યું છે. આ રીતે જ્ઞાનાનંદસ્વભાવી આત્મા પોતે જ મહિમાવંત છે, ને કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મા થવાની તેનામાં જ તાકાત છે. આવા ભગવાન આત્માને સ્વાનુભવથી ઓળખવો તે અરિહંત પરમાત્માની પ્રથમ સાચી સ્તુતિ છે.

૫. આત્માનો સ્વભાવ ભગવાન થવાનો છે; પામર રહ્યા કરે ને કોઈકની ભક્તિ કર્યા કરે એવો એનો સ્વભાવ નથી, પણ પામરતા તોડીને, ભક્તિ વગેરેનો રાગ પણ તોડીને પોતે વીતરાગ સર્વજ્ઞપરમાત્મા થાય એવો આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવની સન્મુખ થયા વગર સર્વજ્ઞભગવાનની સાચી સ્તુતિ થતી નથી એટલે કે સમ્યગ્દર્શન થતું નથી.

૬. આ શરીરની પર્યાયરૂપ જડ દ્રવ્યેન્દ્રિયો, તે ઇન્દ્રિયો તરફ વળેલું ખંડખંડ જ્ઞાન તે ભાવેન્દ્રિયો, અને તે ઇન્દ્રિયજ્ઞાનના વિષયરૂપ બાહ્યપદાર્થો,–એ ત્રણેને જીતીને એટલે કે તે ત્રણેને આત્માથી ભિન્ન જાણીને, એક જ્ઞાયકસ્વભાવપણે પોતાને અનુભવવો તેનું નામ જીતેન્દ્રિયપણું છે. ઇન્દ્રિયોને જે પોતાનું સ્વરૂપ માને તેને જીતેન્દ્રિયપણું થાય નહીં; એટલે અતીન્દ્રિયજ્ઞાનમય એવા અરિહંતની પરમાર્થ ઉપાસના તેને હોય નહીં.

૭. **णमो अरिहंताणं** એમ ઘણા બોલે છે, તે અરિહંત પરમાત્માની પરમાર્થ ઉપાસના કેમ થાય તેનું આ વર્ણન છે. અરિહંતનો ભક્ત કેવો હોય, તેને આત્માનું જ્ઞાન કેવું હોય? તે આચાર્યદેવે અલૌકિક રીતે બતાવ્યું છે. રાગથી ભિન્ન એવા આનંદના સ્વાદરૂપે આત્માને અનુભવે તેનું નામ સર્વજ્ઞની સ્તુતિ છે. આ નિશ્ચયસ્તુતિ છે. નિશ્ચયસ્તુતિમાં પોતાના આત્માનું જ અવલંબન છે, તેમાં પરનું અવલંબન નથી.

૮. આવી નિશ્ચયસ્તુતિ જેને પ્રગટી હોય એટલે કે આત્માને રાગથી જુદો જેણે અનુભવ્યો હોય. તેને રાગના વિકલ્પ વખતે બહારમાં પણ સર્વજ્ઞ–વીતરાગ પરમાત્માની આદર–સ્તુતિનો ભાવ હોય, સર્વજ્ઞ–વીતરાગ પરમાત્મા સિવાય બીજા કોઈને તે આદરે નહીં; રાગવાળા, પરિગ્રહવાળા એવા કુદેવને તે કદી ભજે નહીં. સાચા સર્વજ્ઞ–વીતરાગ પરમાત્મા પ્રત્યેનો સ્તુતિનો ભાવ તે પણ રાગ છે, પુણ્યબંધનું કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી; પોતાના સર્વજ્ઞસ્વભાવ તરફનું અંતર્મુખ વલણ તે જ મોક્ષનું કારણ છે; તે જ સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ છે.

૯. આત્માનો ચૈતન્યસ્વભાવ છે, તે અતિ સૂક્ષ્મ છે. તેની પાસે પુણ્ય–પાપ પણ સ્થૂળ છે, ને જડ ઇન્દ્રિયો તો અત્યંત સ્થૂળ છે. નિર્મળ ભેદજ્ઞાનની પવિત્રતાવડે અતિસૂક્ષ્મ ચૈતન્યસ્વભાવનો અનુભવ કરતાં જડ ઇન્દ્રિયોને જીવ પોતાથી સર્વથા જુદી જાણે છે. આ જડ શરીર આત્માથી સર્વથા જુદું છે. આત્મા સદાય ચૈતન્યપણે રહ્યો છે, શરીર સદાય અજીવ થઈને રહ્યું છે, તે કદી જીવરૂપ થયું નથી. આવું ભેદજ્ઞાન જેણે કર્યું તે જીવ સર્વજ્ઞના માર્ગમાં આવ્યો, તે અરિહંતનો સાચો અનુયાયી થયો, તે જૈન થયો.

૧૦. અહો, આવો અવસર પામીને આત્મા અને શરીરની ભિન્નતા ઓળખવી જોઈએ; જ્ઞાનમાં વારંવાર તેનો અભ્યાસ કરવો જોઈએ. બીજા પોથાં તો ઘણા ભણ્યો, પણ પરથી ભિન્ન પોતાના જ્ઞાનાનંદસ્વભાવનો સાચો અભ્યાસ કર તો જ તારો ભવથી છૂટકારો થશે.

૧૧. આત્માના ભાન વગર ચારે ગતિમાં અનંત અવતાર જીવે કર્યા છે. ભગવાન તો કહે છે કે સંસારમાં રખડતા જીવે ચારગતિમાં નરકના અવતાર કરતાં પણ સ્વર્ગના અવતાર અસંખ્યાતગુણા વધારે કર્યાં છે. સ્વર્ગમાં ક્યારે જાય? પુણ્ય કરે ત્યારે. એટલે પુણ્યભાવ અનંતવાર જીવ કરી ચુક્યો છતાં જરાપણ સુખ તે ન પામ્યો.

તો વિચાર કરવો જોઈએ કે સુખનો માર્ગ કાંઈક બીજો છે. પુણ્યથી પાર આત્મા છે; તેનું ભાન કરવું તે જ સુખી થવાનો રસ્તો છે.

૧૨. આત્મા પોતે જ્ઞાન અને સુખસ્વરૂપ છે, તે રાગરૂપ કે દેહરૂપ નથી. સુખસ્વરૂપ આત્માને રાગસ્વરૂપ માનવો તે ભગવાન આત્માનો તિરસ્કાર છે. અરિહંતોએ તો રાગથી ધર્મ ન થાય, વીતરાગભાવથી જ ધર્મ થાય એમ કહ્યું છે, ને અજ્ઞાની કહે છે કે શુભરાગથી ધર્મ થાય,–તો તેણે અરિહંતની સ્તુતિ ન કરી પણ અરિહંતોના વીતરાગમાર્ગનો અનાદર કરીને અસ્તુતિ કરી. રાગનો જેણે આદર કર્યો તેણે અરિહંતોનો અનાદર કર્યો. આ તો અરિહંતોનો અલૌકિક વીતરાગમાર્ગ છે.

૧૩. ભગવાન કહે છે કે તારે મારી પરમાર્થસ્તુતિ કરવી હોય તો મારા સામે ન જો, પણ તારા જ્ઞાનસ્વભાવની સન્મુખ જો. મારા સામે જોયે મારી પરમાર્થસ્તુતિ નહીં થાય પણ તારા સ્વભાવ સામે જોઈને જ્ઞાનાનંદસ્વરૂપનો અનુભવ કર, તો તું પણ અમારા જેવો થઈશ. આ રીતે સ્વસન્મુખ અતીન્દ્રિય ભાવ વડે જ સર્વજ્ઞના માર્ગની આરાધના થાય છે; તે જ મોક્ષમાર્ગરૂપ ધર્મ છે.

૧૪. વન–જંગલમાં વસનારા ને આત્માના અતીન્દ્રિય આનંદમાં ઝુલનારા એવા પદ્મનંદિ મુનિરાજે બનાવેલા આ પંચવિંશતિકા શાસ્ત્રમાં ભગવાન ઋષભદેવની સ્તુતિનો એક અધિકાર છે. અહીં પંચકલ્યાણક ઉત્સવમાં પણ ભગવાન ઋષભદેવના પંચકલ્યાણકનાં દ્રશ્યો થવાના છે. અરિહંત પરમાત્મા કેવા હોય? તેના આત્માની સાચી ઓળખાણ કરતાં આત્માના સ્વરૂપની ઓળખાણ થાય છે ને મોહનો નાશ થઈને સમ્યગ્દર્શન થાય છે.–એ વાત પ્રવચનસારમાં ૮૦ મી ગાથામાં સમજાવી છે.

૧૫. જગતમાં અનંત આત્માઓ છે, તે દરેક આત્મા જ્ઞાનસ્વભાવી છે. તેની અવસ્થામાં ત્રણ પ્રકારો પડે છેઃ (૧) જે બહારની વસ્તુને કે રાગાદિ બાહ્યભાવોને આત્મારૂપે અનુભવે છે તે બહિરાત્મા છે. (૨) જે પરથી ભિન્ન પોતાના જ્ઞાનાનંદસ્વરૂપને અંતરમાં દેખે છે ને તેને સાધે છે તે અંતરાત્મા છે. (૩) આત્માનું પરમ સ્વરૂપ જાણીને તેવું પરિપૂર્ણ જેમણે પ્રગટ કર્યું છે તે પરમાત્મા છે. આવા પરમાત્માની ઓળખાણ અને ભક્તિનું આ વર્ણન છે. આત્માને ઓળખ્યા વગર પરમાત્માની સાચી ઓળખાણ થતી નથી. ને ઓળખાણ વગરની સ્તુતિને સાચી સ્તુતિ કહેવાય નહીં. તેથી સમન્તભદ્ર સ્વામી કહે છે કે હે પ્રભો! રાગની ગ્રંથિવાળા

મિથ્યાદ્રષ્ટિ જીવોનું ચિત્ત આપને ભજી શકશે નહીં. સમ્યગ્દ્રષ્ટિ જ આપને ખરેખર ભજે છે.

૧૬. સવારે સમયસાર ગા. ૩૧ માં ભગવાનની નિશ્ચયસ્તુતિની વાત છે, તે નિશ્ચયસ્તુતિ તો રાગ વગરની છે, આત્માના અનુભવરૂપ છે; અને આ પદ્મનંદી પચ્ચીસીમાં ઓળખાણપૂર્વકની વ્યવહારસ્તુતિનું વર્ણન છે; તે વ્યવહારસ્તુતિ શુભરાગરૂપ છે, તેમાં પરનો આશ્રય છે. ધર્મીજીવને સર્વજ્ઞ ભગવાન પ્રત્યે આદર–ભક્તિનો ભાવ આવે છે.

૧૭. સર્વજ્ઞ ભગવાન કેવા હોય ? ને આ આત્માનું સ્વરૂપ કેવું છે ? તેની ઓળખાણ કરવી જોઈએ. નાનપણથી જ આત્મામાં તેના સંસ્કાર નાંખવા જોઈએ. ૧૬ વર્ષની વયમાં શ્રીમદ્ રાજચંદ્ર લખે છે કે–

**હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?**
**કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?**
**એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,**
**તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત-તત્ત્વો અનુભવ્યાં.**

ભાઈ, આવો મનુષ્ય અવતાર પામીને આત્મતત્ત્વનો વિચાર તો કર.

૧૮. શ્રીમદ્ રાજચંદ્રજી આ પદ્મનંદીશાસ્ત્રને 'વનશાસ્ત્ર' કહેતા હતા. વનમાં વસનારા વીતરાગી મુનિરાજે આ શાસ્ત્ર રચ્યું છે. મુનિરાજ અંદર આનંદના ધામમાં વારંવાર જઈને નિર્વિકલ્પ આનંદનો સ્વાદ લેતા હતા.–એવા દિગંબર મુનિરાજ, –જાણે કે અત્યારે જ ઋષભદેવ ભગવાન અરિહંતપદે સમવસરણમાં બિરાજમાન હોય ને તેમની સમીપમાં પોતે તેમની સ્તુતિ કરતા હોય ! એવા ઉત્તમ ભાવથી ભગવાનની સ્તુતિ કરે છે.

**'जय ऋषभ नाभिनन्दन.......'**

૧૯. વીતરાગ ભગવાનની સ્તુતિ કોણ કરે ?

જેણે રાગથી ભિન્નતાનું ભાન કર્યું હોય તે જ વીતરાગની સ્તુતિ સાચી કરે. જેણે રાગથી ભિન્નતાનો અનુભવ ન હોય તે વીતરાગની સ્તુતિ કરી શકે નહીં, કેમ કે વીતરાગતાને તે ઓળખતો જ નથી. આ તો સાચી ઓળખાણ પૂર્વકની ભક્તિ છે.

૨૦. ભગવાન કેવા છે એને પણ ઘણા લોકો ઓળખતા નથી. ભગવાન તે તો સર્વજ્ઞપદને પામેલા આત્મા છે. તેઓ જગતના પદાર્થોના ત્રણકાળના જ્ઞાતા છે, પણ પદાર્થોના કર્તા નથી. વસ્તુ અનાદિઅનંત સ્વયંસિદ્ધ છે, તેનો કોઈ બનાવનાર નથી.

૨૧. કોઈ એમ કહે કે અમુક વસ્તુને ( જીવ કે અજીવને ) મેં નવી બનાવી;–તો એનો અર્થ એ થયો કે તેના પહેલાં તે વસ્તુનું જે અસ્તિત્વ હતું તે તેણે જાણ્યું નથી, એટલે તે સર્વજ્ઞ નથી. આ રીતે વસ્તુનું કર્તાપણું માને તેને વસ્તુના અનાદિ–અનંત અસ્તિત્વની ખબર નથી એટલે તે સર્વજ્ઞ નથી. પરની કર્તાબુદ્ધિ હોય ત્યાં સર્વજ્ઞપણું તો ન હોય, ને સર્વજ્ઞના સ્વરૂપની સાચી ઓળખાણ પણ ન હોય. રાગાદિ પરભાવનો જે જાણનાર છે તે તેનો કર્તા નથી અને જે કર્તા થાય છે તે જાણનાર નથી.

૨૨. સર્વજ્ઞ ભગવાનને અનંત ગુણનો પૂર્ણ વૈભવ ખીલી ગયો છે; તેમને ઓળખીને પોતામાં તેનો થોડોક અંશ પ્રગટ કરવો તે જ ભગવાનની સ્તુતિ છે; એટલે કે સમ્યગ્દર્શન તે જ સર્વજ્ઞની પ્રથમ સ્તુતિ છે.

૨૩. સ્તુતિકાર કહે છે કે હે ભગવાન! ઇન્દ્રો આપના ચરણમાં જ્યારે નમ્યા ત્યારે આપના ચરણના નખની પ્રભા વડે તેમના મુગટ ઝગમગી ઊઠયા; એટલે ઇન્દ્રના મુગટની શોભા પણ આપનાં ચરણ વડે જ છે, ખરી શોભા મુગટની નહિ પણ આપના ચરણની છે; એટલે કે આપના વીતરાગી ચરણ પાસે ઇન્દ્રાદિ પુણ્યફળ પણ અમને તુચ્છ લાગે છે. અહો, ઇન્દ્રો પણ ભક્તિથી જેને પૂજે એના મહિમાની શી વાત! આવો મહિમા ઓળખીને વીતરાગ ભગવાનને જે ભજે છે તે ધન્ય છે.

૨૪. 'નમો અરિહંતાણં'–અરિહંતોને નમસ્કાર હો આ નમસ્કાર તે ગુણવાચક છે. આત્માના સર્વજ્ઞતાદિ ગુણો પ્રગટ કરીને જેમણે રાગ–દ્વેષ મોહરૂપ અરિને હણ્યા તે અરિહંત છે. અનંતા જીવોમાંથી જે કોઈ જીવ સર્વજ્ઞતાદિ ગુણો પ્રગટ કરે તેને અરિહંત કહેવાય છે, તે જ પરમેશ્વર છે, તે જ સાચા દેવ છે. એવા વીતરાગ દેવનું સ્વરૂપ ઓળખીને તેમની સ્તુતિ કેમ થાય તેનું આ વર્ણન છે.

૨૫. ભાઈ, આ જન્મ–મરણથી મુક્ત થવાની ને આનંદમય મોક્ષપદ પામવાની કોઈ અલૌકિક રીત છે. સંસારના રાગના રસની આડમાં જીવને પોતાનું સત્ય સ્વરૂપ લક્ષમાં આવ્યું નથી. આત્માનું સ્વરૂપ પામેલા સાચા દેવ કેવા હોય ? તેને

સાધનારા ગુરુ કેવા હોય? ને તે કહેનારા શાસ્ત્ર કેવા હોય? એની ઓળખાણ કરવી જોઈએ. નમસ્કાર મંત્રમાં તે દેવ–ગુરુને નમસ્કાર કર્યા છે. પાંચે પરમેષ્ઠીપદ તે આત્માની શુદ્ધદશા છે, તે વીતરાગવિજ્ઞાનમય છે તેની ઓળખાણ પણ વીતરાગવિજ્ઞાનવડે જ થાય છે.

૨૬. આત્માની દિવ્યશક્તિને પ્રગટ કરે તે દેવ; આત્માના શુદ્ધ સ્વરૂપને સાધે –અનુભવે તે સાધુ. આત્માના જ્ઞાન વગર સાધુપણું હોય નહીં. સાધુ એટલે મોક્ષનો સાધક, આત્માના શુદ્ધસ્વરૂપનો સાધક. તેઓ અંતર્મુખ થઈને ચૈતન્યના આનંદનો સ્વાદ લ્યે છે.

૨૭. અજ્ઞાનીને નથી આત્માના આનંદનો સ્વાદ, કે નથી જડનો સ્વાદ. એ તો અદ્ધરથી રાગ–દ્વેષની કલ્પનાઓ કરીને વિકારનો–ઝેરનો સ્વાદ લ્યે છે, તે દુઃખ છે, સંસાર છે. સંસાર એ કાંઈ બહારની કોઈ વસ્તુ નથી, શરીરમાં –ઘરમાં જીવનો સંસાર નથી, જીવનો અજ્ઞાનમય ભાવ તે જ સંસાર છે. અને ભેદજ્ઞાન વડે શુદ્ધ જ્ઞાનઆનંદદશા પ્રગટે તે જ મોક્ષ છે. સંસાર અને મોક્ષ બંને જીવની જ દશામાં છે.

૨૮. સ્વરૂપની અપ્રાપ્તિ તે સંસાર; સ્વરૂપની પ્રાપ્તિ તે મોક્ષ. અનાદિથી સ્વરૂપની પ્રાપ્તિ કેમ ન થઈ, ને હવે સ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય? તે વાત સંતોએ શાસ્ત્રમાં બતાવી છે. જડ–ચેતનનું ભેદજ્ઞાન કરીને જેમાં આનંદની છોળ ઊછળે એવા જ્ઞાનને જ સાચું જ્ઞાન કહેવાય છે. ભેદજ્ઞાન વગર બહારના એકલા જાણપણામાં જીવને શાંતિ કે આનંદ નથી, અને જેમાં આનંદ ન હોય તેને સાચું જ્ઞાન કહેતા નથી.

૨૯. દેહથી ભિન્ન આત્માનો આનંદ જેણે દેખ્યો નથી એને દીક્ષા કેવી? દીક્ષા એ તો ઘણી વીતરાગી અનુભવદશા છે. મુનિવરો વારંવાર અંતરમાં ઉપયોગને એકાગ્ર કરીને નિજાનંદને અનુભવે છે. આત્મા જ્ઞાનપ્રકાશનો પૂંજ છે, રાગાદિ પરભાવોથી એની ભિન્નતાના તીવ્ર અભ્યાસ વડે ભેદવિજ્ઞાન પ્રગટ થાય, પછી તેમાં ઘણી એકાગ્રતા થતાં દેહ ઉપર વસ્ત્રાદિ ધારણા કરવાનો મોહ પણ છૂટી જાય, એવી વીતરાગદશા થાય ત્યારે મુનિદીક્ષા હોય છે. તે મહા આનંદરૂપ છે. બાકી આત્માના જ્ઞાન વગર તો શુભરાગ કરીને–

મુનિવ્રતધાર અનંતવાર ગ્રીવક ઉપજાયો,
પૈ નિજઆતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.

આત્માના જ્ઞાન વગર શુભરાગ કરીને સ્વર્ગમાં જઈને પણ જીવ દુઃખી થયો, જરા પણ સુખ ન પામ્યો. સુખનો અનુભવ ત્યારે થાય કે જ્યારે રાગથી જુદો પડીને જ્ઞાનચેતના પ્રગટ કરે.

૩૦. જાુઓ, આ શેનો ઉત્સવ છે? અનંત આનંદને પામેલા જે પરમાત્મા, તેમને ઓળખીને આ પ્રતિમામાં તેમની પ્રતિષ્ઠા થાય છે; તેમ પોતાનો આત્મા પરમેશ્વર થવાની તાકાતવાળો છે તેની ઓળખાણ કરીને તેમાંથી પરમાત્મપદ પ્રગટ કરવાની આ વાત છે. આત્માને જ પરમેશ્વર બનાવવાની આ વાત છે.

૩૧. સર્વજ્ઞ પરમાત્માની ઘણા પ્રકારે સ્તુતિ કરતાં કરતાં છેવટે મુનિરાજ કહેશે કે હે ભગવાન! વિકલ્પમાં ને વાણીમાં તો આપના ગુણો કેટલા આવે? અનંત ગુણના નિધાન એવા આપની સ્તુતિ તો જ્યારે વિકલ્પ તોડીને આત્માના અનુભવમાં એકાગ્ર થશું ત્યારે જ પૂરી થશે. પ્રભો! બહારના આ ચામડાના ચક્ષુથી પણ આપને દેખતાં ઘણો હર્ષ થાય છે, તો અંતરના જ્ઞાનચક્ષુથી આપને દેખતાં જે પરમ આનંદ થાય તેની તો શી વાત!

૩૨. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને રત્ન કહ્યાં છે; તો તેના ફળરૂપે જે કેવળજ્ઞાનાદિ પ્રગટયા તે મહા રત્ન છે. આવા અનંત રત્નોની ખાણ આત્મા છે તેથી તે મહા ચૈતન્ય– રત્નાકર છે. આવો રત્નાકર પોતે હોવા છતાં જીવને પોતાની ખબર નથી, ને બહારની લક્ષ્મી વગેરેથી મોટાઈ મનાવે છે. પોતામાં જ અરિહંતપદનું ધ્યાન કરતાં જે આનંદ થાય છે તેને તો ધર્મી જ જાણે છે.

૩૩. અરિહંતદશા તો આત્મામાં પ્રગટ નથી, છતાં તેનું ધ્યાન કેમ?–તો કહે છે કે અરિહંતપણું આત્માના સ્વભાવમાં વિદ્યમાન જ છે, તે સ્વભાવને ધ્યાવતાં આનંદ પ્રગટે છે. અંદર જે સત્ સ્વભાવ છે તેનું ધ્યાન સાર્થક છે, તે જૂઠું નથી. એટલે 'હું સિદ્ધ છું– હું અરિહંત છું' એમ નિજસ્વભાવનું જે ધ્યાન છે તે સત્ય છે. જો તે સત્ય ન હોય તો તેના ફળમાં આનંદ કેમ આવે?

૩૪. અરિહંત–સિદ્ધ જેવા શુદ્ધસ્વભાવે પોતાના આત્માને ધ્યાવવો તે જ અરિહંત અને સિદ્ધની સાચી ભક્તિ છે. આ સિવાય રાગના વિકલ્પો તે કાંઈ મૂળવસ્તુ નથી, અને બહારની ક્રિયાઓ તે તો જડની ક્રિયાઓ છે. તે જડક્રિયાઓ કે રાગ કાંઈ મોક્ષનું કારણ નથી. 'પરમાત્મસ્વરૂપ હું જ છું'–એવું નિજસ્વરૂપનું ધ્યાન જ મોક્ષનું કારણ છે.

(વિશેષ માટે જુઓ પાનું ૨૨)

# સોનગઢમાં વૈશાખ સુદ પાંચમે કહાન-સોસાયટીના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી

( સમયસાર ગાથા ૨૭૨ )

**ચૈતન્યમાં નિવાસ કરીને વીતરાગભાવ પ્રગટ કરવો તે અપૂર્વ વાસ્તુ છે. સમ્યગ્દર્શન અલૌકિક વસ્તુ છે; લોકોને તેના મહિમાની ખબર નથી. સમ્યગ્દર્શન થયું તેના ઘરમાં ( આત્મામાં ) પરમાત્મા આવીને વસ્યા, તે પરમાર્થ વાસ્તુ થયું.**

આત્માનો જે શુદ્ધસ્વભાવ, પરની ભેળસેળ વગરનો છે તે નિશ્ચય છે; અને પરાશ્રિત ભાવો તે વ્યવહાર છે. મોક્ષને સાધવા માટે મુમુક્ષુએ તે વ્યવહારનો આશ્રય છોડવા જેવો છે ને નિશ્ચયનો આશ્રય કરવા જેવો છે.

શુદ્ધનય પોતે પર્યાય છે, પણ તે અંતરમાં આશ્રય કરે છે નિશ્ચયસ્વભાવનો; તેથી અધ્યાત્મશૈલીમાં શુદ્ધનય અને તેનો વિષય શુદ્ધઆત્મા–તે બંને અભેદ છે. આવી અભેદ દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન બહુ દુર્લભ ચીજ છે. જેમ ઝવેરાતની દુકાન અને તેના ગરાગ હંમેશા થોડા જ હોય છે તેમ જગતમાં સમ્યગ્દૃષ્ટિજીવો થોડા જ હોય છે, બહુભાગ તો વ્યવહારમૂઢ મિથ્યાદૃષ્ટિ જીવોનો જ છે. સમ્યગ્દૃષ્ટિ ભલે થોડા, પણ જેણે આત્માનું કલ્યાણ કરવું હોય ને આ સંસારના અનંતદુઃખથી છૂટવું હોય તેણે આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શન કરવું તે પ્રથમ કર્તવ્ય છે. તે સમ્યગ્દર્શન થવાની રીત અહીં આચાર્યદેવ બતાવે છે.

શુદ્ધનયનો વિષય શુદ્ધ અભેદ આત્મા છે. નય તે અંશ છે; પણ આ અંશ, અને આ ધ્રુવ–એવો ભેદ અધ્યાત્મદૃષ્ટિમાં નથી; અધ્યાત્મદૃષ્ટિમાં અભેદ આત્મા એક જ છે. તેમાં ગુણગુણીભેદ પણ નથી, તો પછી રાગની કે જડની ક્રિયાની વાત તો ક્યાં રહી? પરથી ભિન્ન, રાગાદિથી ભિન્ન, એવા શુદ્ધાત્માનો આશ્રય તે નિશ્ચય છે; અને એવી નિશ્ચયદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ છે.

વસ્તુ અબંધ, તેના ગુણો અબંધ; અને તેની સન્મુખ જે પરિણતિ વળી તે પણ અબંધ; વચ્ચે જે રાગાદિ બંધભાવ બાકી રહ્યા તે વ્યવહારમાં ગયા, તેનો આશ્રય ધર્મીને નથી, ધર્મી તેમાં એકતા માનતા નથી. સમ્યગ્દર્શન થતાં આત્મામાંથી જ ભણકારા

આવી જાય છે કે હવે અલ્પકાળમાં જ સિદ્ધદશા થશે. સ્વાનુભવથી શરૂઆત થઈ ચુકી છે ને અલ્પકાળમાં પૂર્ણ પરમાત્મદશા ખીલી જશે.–આવા ભણકાર જેને ન આવે ને શંકા રહે તેને સમ્યગ્દર્શનની ખબર જ નથી. સમ્યગ્દર્શન અલૌકિક ચીજ છે, લોકોને તેના મહિમાની ખબર નથી. સમ્યગ્દર્શન થયું તેના ઘરમાં (આત્મામાં) પરમાત્મા આવીને વસ્યા...તે પરમાર્થ વાસ્તુ થયું.

મોક્ષ કોણ પામે છે?

જેઓ પોતાના શુદ્ધાત્માને જાણીને તે સ્વદ્રવ્યનો આશ્રય કરે છે તેઓ જ નિયમથી મોક્ષ પામે છે. જેઓ આવા શુદ્ધ આત્માનો આશ્રય નથી કરતા ને રાગાદિ પરભાવમાં અટકે છે તેઓ કર્મથી છૂટતા નથી. વ્યવહારના આશ્રય વડે બંધન છે; શુદ્ધનયના આશ્રય વડે મોક્ષ છે,–આ જૈનસિદ્ધાંતનો નિયમ છે.

અરે, પોતાના વસ્તુસ્વભાવને જાણ્યા વગર જીવો બહારના ક્રિયાકાંડમાં એટલે જડક્રિયામાં ને શુભરાગમાં ધર્મ માનીને સાચો મોક્ષમાર્ગ ભૂલી રહ્યા છે, એવા જીવો ઉપર જ્ઞાનીને કરુણા આવે છે; અને કહે છે કે હે ભાઈ! તારા ચૈતન્યની અનંત ગુણની સંપદા તારા ધામમાં જ છે. રાગમાં કે દેહની ક્રિયામાં તારા ગુણની સંપદા નથી. તારી ચૈતન્યસંપદાને તું સંભાળ. ચૈતન્યસંપદા ને દેખતાં જ આનંદ અને મોક્ષમાર્ગ થશે.

દેવ–ગુરુ–શાસ્ત્ર, વ્રતાદિ, તે સંબંધી જેટલા શુભભાવ ભગવાને કહ્યા છે, તે બધા પરાશ્રિતભાવો છે, અને તેને ભગવાને બંધનું જ કારણ કહ્યું છે, તે મોક્ષનું કારણ નથી. મોક્ષનું કારણ તો સ્વાશ્રિત એવો વીતરાગભાવ જ છે. ચૈતન્યમાં નિવાસ કરીને આવો વીતરાગભાવ પ્રગટ કરવો તે અપૂર્વ વાસ્તુ છે.

* * * * *

(વાસણા ચોધરીવાળા બ્ર. કેશવલાલજી જેઓ ગુજરાતમાં સારો ધર્મપ્રચાર કરે છે, તેમણે લખેલું અધ્યાત્મભજન (સુધારા સાથે) અહીં આપવામાં આવે છેઃ–)

ચેતનરૂપ હું આત્મા ચિદાનંદ ભગવાન,
અજર અમર અવિનાશી ને જ્ઞાનપૂંજનું ધામ. (૧)
સિદ્ધ સ્વરૂપ હું આતમા નિરંજન ભગવાન,
અખંડભાવ જ્ઞાયક સદા ગુણઅનંત ભગવાન. (૨)
અનંત બળ છે મુજમાં અનંત દર્શન જ્ઞાન,
અવ્યાબાધસ્વરૂપ હું સહજાનંદ ભગવાન, (૩)
શુદ્ધ–બુદ્ધ ચૈતન્ય છું, જડથી જુદું રૂપ,
પુદ્ગલ કે પુણ્ય–પાપથી ભિન્ન હું ચેતન ભૂપ. (૪)
ચેતન લક્ષણ માહરું શુદ્ધ ઉપયોગી જાણ,
નિજાનંદ ભરપૂર હું ચેતનરૂપ ભગવાન, (૫)
રાગ દ્વેષથી ભિન્ન છું નિશ્ચય જ્ઞાનસ્વરૂપ,
જે અનુભવશે એહને તે થાશે ભગવાન. (૬)

# વૈરાગ્ય સમાચાર

* વઢવાણના ભાઈશ્રી નરસિંહદાસ છગનલાલ દોશી (પ્રોફેસર) તા. ૧૦–૪–૭૦ ના રોજ હેમરેજની બિમારીથી વડોદરા મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ચાલીસેક વર્ષ પહેલાં તેઓ અમેરિકા જઈને અભ્યાસ કરી આવેલા, તેઓ વડોદરા કલાભવનમાં પ્રોફેસર હતાં; છતાં નાના બાળકની જેમ સૌ સાથે મળીને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં. અવાર–નવાર તેઓ સોનગઢ આવતા, ને સોનગઢ–સાહિત્ય પ્રત્યે તથા આત્મધર્મ પ્રત્યે તેઓ ખૂબ પ્રેમ ધરાવતા હતા. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની છાયામાં તેઓ આત્મહિત પામો.

* મોતીલાલ પીતાંબરદાસ પારોલવાળાની પુત્રી, તે કુસુંબા (મહારાષ્ટ્ર) ના મગનલાલ શામલાલના ધર્મપત્ની તા. ૧–૩–૭૦ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. તેમના પિતાજી સાથે અવારનવાર સોનગઢ આવીને તેઓ લાભ લેતા હતા, તથા સમયસાર આત્મધર્મ વગેરેની સ્વાધ્યાય દરરોજ બે ત્રણ કલાક કરતા હતા. અંતરીક્ષ–પાર્શ્વનાથ શિરપુરમાં પંચકલ્યાણકનો લાભ લેવા તેઓ આવતા હતા ત્યાં રસ્તામાં બસના અકસ્માતમાં તેમનો સ્વર્ગવાસ થઈ ગયો. વીતરાગી દેવગુરુની ઉપાસનાથી તેઓ આત્મહિત પામો.

* રાજકોટના ભાઈશ્રી પ્રભુલાલ ન્યાલચંદ દફતરી તા. ૧૪–૩–૭૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસનાથી તેઓ આત્મહિત પામો.

* ખેરાગઢના શેઠશ્રી ખેમરાજ (કપુરચંદ) ના માતુશ્રી વૈશાખ સુદ દશમે સ્વર્ગવાસ પામ્યા છે. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની ઉપાસનાથી તેઓ આત્મહિત પામો.

* જેતપુરના ભાઈશ્રી મુકેશ વી. ગાંધી તા. ૧૦–૪–૭૦ ના રોજ ઓરીની ટૂંકી બિમારીથી બાવીસ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બાલવિભાગના સભ્ય (નં ૧૮૫) હતા, આત્મધર્મ રસથી વાંચતા હતા અને બાલસાહિત્યમાં ઉત્સાહથી ભાગ લેતા હતા. જન્મથી અપંગ હોવા છતાં તત્ત્વના અભ્યાસમાં તેમણે મન જોડયું હતું ને આખરી માંદગી વખતે પણ તેમના માતુશ્રીના મુખે ભક્તિગીતો તથા આત્મસિદ્ધિ સાંભળ્યા હતા. સાચા દેવ–ગુરુની ઉપાસના કરીને તેઓ આત્મહિત પામો. (આપણા બાલવિભાગના સભ્યો આ સમાચાર જ્યારે વાંચો ત્યારે મુકેશભાઈની યાદીમાં નવવાર નમસ્કારમંત્રનો જાપ કરશો.)

(સ્વર્ગવાસ અગાઉ દસબાર દિવસ પહેલાં જ મુકેશભાઈએ નિબંધયોજના માટે ‘વૈરાગ્યપ્રેરક ઉત્તમ લેખ’ એ નામનો એક નિબંધ લખી મોકલ્યો હતો–જેનો સાર અહીં આપેલ છે.) (જુઓ પાનું ૨૦)

# વૈરાગ્યપ્રેરક ઉત્તમ લેખ-

[ આ લેખના લેખક મુકેશકુમાર વી. જૈન તા. ૨૯–૩–૭૦ ના રોજ આ લેખ લખ્યા બાદ તા. ૧૦–૪–૭૦ ના રોજ ૨૧ વર્ષની વયે સ્વર્ગવાસ પામી ગયા છે. લેખ સાથેના પત્રમાં તેઓ લખે છે કે–ઈન્દોરથી તમારા નાનાભાઈના વંદન...આત્મધર્મનું નિયમિત વાંચન કરું છું; તેથી ધર્મતત્ત્વનું જે થોડુંઘણું જ્ઞાન પ્રાપ્ત થયું છે તે પૂ. ગુરુદેવને જ આભારી છે. વળી આત્મધર્મમાં બાલવિભાગ દ્વારા નવી પેઢીને બચપણથી જ ધર્મના સંસ્કાર આપો છો, ને ‘કુમળા છોડને જેમ વાળીએ તેમ વળે, –એવું જ તમે અમારા જેવા હજારો બાળકો ઉપર પ્રયોગ કરીને, હંમેશા જિનભગવાનનાં દર્શન કરવાનું, રાત્રિભોજન છોડવાનું, સીનેમા ન જોવાનું, વગેરેની ઝુંબેશ ચલાવી તે પ્રશંસનીય છે. આ વૈશાખ માસની નિબંધયોજના મને ગમી; જોકે અત્યારે પરીક્ષાની મોસમ હોવા છતાં વૈરાગ્યપ્રેરક ધાર્મિક લેખ લખીને મોકલતાં મને આનંદ થાય છે. બરાબર જન્મદિવસે અભિનંદન અને ભગવાનનો ફોટો મળતાં અત્યંત આનંદ થાય છે...પણ આ ફોટા તો મારા મિત્રોને બહુજ ગમતા હોવાથી તેઓ લઈ જાય છે. ગુરુદેવ ખંડવા તથા રતલામ પધાર્યા ત્યારે મારા માતા–પિતા ત્યાં ગયેલા; અહીં ઇંદોરમાં કાચનું જિનમંદિર છે ત્યાં દર્શન કરવા ઘણીવાર જાઉં છું. આ સાથે નિબંધરૂપ લેખ મોકલું છું. )

‘જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુભગવંત.’

ઓ ધર્મપ્રેમી બંધુ ! તું આપણા કહાનગુરુદેવની અમૃતવાણીનો તારા જીવનમાં અમલ કરી આત્માને ઓળખી મોક્ષના અનંત આનંદસાગરમાં એક વખત જરૂર ડુબકી લગાવ. એ અજોડ સુખ અને ભગવાન મહાવીર જેવા આત્માના દર્શન કરવાથી તને આ મોહ–માયા–રાગ–દ્વેષ–હર્ષ–શોક બધું બંધનરૂપ જણાશે. હે જીવ, તારા પ્રમાદરૂપી ન્દ્રિામાંથી જાગૃત થા અને તારું ખરું સ્વરૂપ કયું છે, તે ઓળખ. હે આત્મદેવ, મારે તારા દર્શન કરવા માટે જ જૈનધર્મ–કુળમાં જન્મ થયો છે. અને કહાન ગુરુ જેવા સંત જૈનધર્મનો અને તેના મૂળરૂપ સમ્યગ્દર્શનનો રાહ બતાવી રહ્યા છે. તું સર્વગુણથી પરિપૂર્ણ આત્મા હોવા છતાં તારા અજ્ઞાનથી તુચ્છ ઇન્દ્રિયસુખો પાછળ દોડી રત્નને બાળી રાખ મેળવે છે.

નાવિકરૂપી કહાન ગુરુ સમ્યગ્દર્શનની નાવ લઈ તને સંસારરૂપી અસાર

સમુદ્રમાંથી પાર ઉતારી મોક્ષરૂપી તારા આત્માના નગરમાં લઈ જઈ રહ્યા છે. તારા ‘આત્મા’ માં કેટલો અગાધ વૈભવ ભર્યો છે–એ તું જાણતો નથી.

હે મોક્ષાર્થી! તારો આત્મા પોતાનો ઉદ્ધાર કરી સ્વયં પરમાત્મા થઈ શકે તેટલી શક્તિવાળો છે. પણ તું સમ્યગ્દર્શનનો રાહ બરોબર સમજ્યો નથી–જેનું કારણ તારું મોહ–રાગનું બંધન છે. અરે અજ્ઞાની! એ તું કેમ ભૂલે છે કે–આ શરીર પણ ભસ્મ થઈ જવાનું છે! મફતનો આત્માને ભૂલીને એની કેમ ચિંતા કરે છે? તું પરમાં સુખ માનીને અસંતોષની આગમાં બળી રહ્યો છે. આ અમૂલ્ય મનુષ્ય–અવતારમાં ખરો લાભ લેવો હોય તો દેહથી ભિન્ન તારા આત્માને ઓળખ અને જૈનધર્મરૂપી આમ્રવૃક્ષના સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–મોક્ષ એવા ઉત્તમ ફળનો સ્વાદ લે. (આ નિબંધને ૬૫ માર્ક મળ્યા છે.)

આ નિબંધ છપાતો હતો ત્યાં, છેલ્લા આત્મધર્મના વાંચનથી જાગેલી ઉર્મિઓ વ્યક્ત કરતો એક નિબંધ મુકેશભાઈના હાથનો લખેલો અચાનક તેમના કુટુંબીજનોને હાથમાં આવ્યો; તેમાંથી કેટલાક ઉર્મિભર્યાં વાક્યો અહીં આપીએ છીએ–

હે જીવ! તું સુખ મેળવવા આમથી તેમ દોડે છે, જેમ પાણીની માછલી જમીન પર તરફડે તેમ; પણ આ કહાનગુરુનાં શબ્દો તારા અંતરમાં ઉતાર તો તને જરૂર ખરું સુખ પ્રાપ્ત થશે. તારા આત્માને ઓળખીશ તો તું અગાધ આનંદ સાગરમાં ડુબકી મારવા લાગીશ.

(સાથે સાથે બાળકોને પણ પ્રેમથી યાદ કરીને લખે છે કે–) ઓ નાનકડાં બાલવીરો! જિનવરનાં સંતાનો! બાલદોસ્તો! તમારે ગુરુદેવના પગલે પગલે આગળ વધીને આત્મધર્મની ફૂલવાડીનાં મહેકતા ફૂલ બનવાનું છે. અત્યારે આપણા અહોભાગ્ય છે કે બચપણથી જ આપણને આપણા ભાઈ આત્મધર્મ દ્વારા ખરો માર્ગ બતાવી રહ્યા છે, ને આપણે ધર્મ તરફ વળ્યા છીએ. બાલવિભાગની ચાર અગત્યની વાતની પ્રતિજ્ઞા લઈ આપણે શક્ય હોય તેટલું કરી છૂટીએ...પૂ. ગુરુદેવ પણ વાત્સલ્યથી આપણને બધાં બાલમિત્રોને–પ્રોત્સાહન આપે છે. (–મુકેશ વી. જૈન)

xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx

## વૈરાગ્ય સમાચાર–

ગઢાળીવાળા શાંતિલાલ માણેકચંદ સરવૈયા (ઉ. વ. ૫૫) તા. ૩૧–૫–૭૦ ના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવાર નવાર સોનગઢ આવતા હતા; ભાવનગર પંચકલ્યાણક વખતે પણ ઉલ્લાસથી ભાગ લીધો હતો. તેમને અંતસમયે ગુરુદેવના દર્શનની ભાવના થતાં તા. ૩૧–૫–૭૦ ના રોજ બપોરે ગુરુદેવ ભાવનગર દર્શન દેવા પધાર્યા હતા; ગુરુદેવના દર્શનથી તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી; અને તે જ દિવસે સાંજે તેઓ સ્વર્ગવાસ પામી ગયા હતા. તેઓ દેવ–ગુરુના શરણે આત્મહિત પામો.

# * અરિહંત પરમાત્માની સાચી સ્તુતિ *

( ૮૧ બોલ; પૃ. ૧૬ થી ચાલુ )

૩૫. ભાવેન્દ્રિય એટલે કે ઇન્દ્રિયવિષયો તરફ ઝૂકેલું ખંડખંડરૂપ જ્ઞાન, તે પણ આત્માનું ખરુંસ્વરૂપ નથી; અનુભવમાં આવતો જે એક અખંડ જ્ઞાયક સ્વભાવ, તે ખંડખંડ જ્ઞાનરૂપ નથી, એટલે તે ભાવેન્દ્રિયોથી ભિન્ન છે. આવી ભિન્નતાનું ભાન તે સર્વજ્ઞદેવની સાચી સ્તુતિ છે. સર્વજ્ઞની સ્તુતિ સ્વસન્મુખતાથી થાય છે.

૩૬. અહા, ચૈતન્ય વસ્તુની આવી વાત, તેનું શ્રવણ મળવું તે પણ મહાભાગ્ય છે. અમૃતથી ભરેલો સમુદ્ર આત્મા, તેનો જેને પ્રેમ જાગ્યો તેનું અપૂર્વ કલ્યાણ છે. અહીં બે વિધિ ચાલે છે-એક તો પ્રતિમાજીમાં પરમાત્માની સ્થાપના ( પ્રાણપ્રતિષ્ઠા ) કરીને તેને પૂજવાની વિધિ ચાલે છે; ને બીજું–આ આત્મા પોતે જ સર્વજ્ઞપદ પ્રગટ કરીને પરમેશ્વર કેમ થાય તેની વિધિ કહેવાય છે.

૩૭. દીક્ષાવનના વૈરાગ્યભીના વાતાવરણમાં મંગલ પ્રવચન કરતાં ગુરુદેવે કહ્યું–

ભગવાન ઋષભદેવ આજ મુનિ થયા; તેઓ દીક્ષા લીધા પહેલાં, તેમજ દીક્ષા લીધા પછી પણ વૈરાગ્યની બાર ભાવના ભાવે છે. અહો, આવી મુનિદશા અલૌકિક છે. ધર્મી તેની ભાવના ભાવે છે કે–

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ! ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.....

૩૮. ચૈતન્યના ભાનપૂર્વક તેમાં એકાગ્ર થતાં દેહની પણ મૂર્છા છૂટી ગઈ, અંતરમાં મોહરહિત દિગંબર દશા ને બહારમાં પણ વસ્ત્રરહિત દિગંબરદશા–એવી મુનિદશાની અનાદિ સ્થિતિ છે. ચૈતન્યના આનંદના ઉગ્ર અનુભવમાં મુનિ લીન હોય છે. એવી મુનિદશા આજે ભગવાને સંસારની ક્ષણભંગુરતા દેખીને ધારણ કરી. સંસારના સંયોગો તો બધા ક્ષણભંગુર છે, તેમાં આ ચૈતન્યતત્ત્વ જ અવિનાશીપણે ધ્રુવ અને શરણ છે. આવા આત્મામાં લીન થઈને કેવળજ્ઞાન સાધવા ભગવાન ઋષભદેવ આજે મુનિ થયા. આવી મુનિદશાને ઓળખીને તેની ભાવના કરવા જેવી છે.

[ ‘અપૂર્વ અવસર’ કાવ્ય દ્વારા કહાનગુરુ તે મુનિદશાને અત્યંત વૈરાગ્યપૂર્વક ભાવી રહ્યા છે. પરમ મહિમાવંત મુનિદશાનું ઘોલન ચાલી રહ્યું છે, ને

વૈરાગ્યવનમાં પાંચહજાર ઉપરાંત શ્રોતાજનો શાંતચિત્તે એ વૈરાગ્યભાવનામાં ઝૂલી રહ્યા છે,...એકકોર મોટા વડલા નીચે મુનિરાજ ઋષભદેવ નિજધ્યાનમાં લવલીનપણે બિરાજી રહ્યા છે, ચાર જ્ઞાનનું તેજ મુદ્રા ઉપર ચમકી રહ્યું છે. અહા, અમે તો અમારા આનંદના સમુદ્રમાં મગ્ન છીએ...આવા વાતાવરણ વચ્ચે વૈરાગ્યવનમાં ગુરુ કહાન કહે છે કે– ]

૩૯. આત્મા અંદરમાં શાંતિનો સાગર છે તેમાં એવા એકાગ્ર થઈએ કે બહારમાં સિંહ આવીને શરીરને ખાતા હોય તોપણ તેનું લક્ષ ન જાય...જગતના પદાર્થોનો સ્વભાવ ક્ષણભંગુર છે, તેમાં અમને સમભાવ છે, સડવું–ગળવું તે તો પુદ્ગલનો સ્વભાવ છે, અમે તો તેના જ્ઞાતા છીએ. આમ જ્ઞાનસ્વભાવની ભાવનાથી તેમાં એકાગ્ર થઈને મોહનો નાશ કરીને અમારું કેવળજ્ઞાનનિધાન અમે પ્રગટ કરીશું. અમારા ચૈતન્યપદને સાધીને અમે કેવળજ્ઞાન પ્રગટ કરશું ને અશરીરી સિદ્ધપદને સાધશું.

૪૦. અરે, આ સંસારમાં તો આત્માના ચિદાનંદસ્વભાવ સિવાય બીજું બધુંય–મંદિર –મકાન–મૂર્તિ–શરીરાદિ કાંઈ પણ નિત્ય નથી; એ તો બધા કાળના ઈંધણ છે. સંસારના પદાર્થો અને તે તરફના ભાવો તો ક્ષણભંગુર છે. આત્મા નિત્યાનંદનો નાથ છે. માતાએ જોયા પહેલાં પુત્રના શરીરને અનિત્યતા લાગુ પડી ગઈ છે, આત્મા જ આનંદકંદ અવિનાશી છે. તેના શ્રદ્ધા–જ્ઞાન–રમણતા કરવા તે જ જગતમાં સાર છે.

૪૧. બપોરે સર્વજ્ઞ ભગવાનની સાચી સ્તુતિનું (નિશ્ચયસ્તુતિનું) સ્વરૂપ સમજાવતાં કહ્યું કે આત્મા શુદ્ધ જ્ઞાનચેતનાગુણ વડે અન્ય સમસ્ત દ્રવ્યોથી સર્વથા જુદો છે; શુદ્ધજ્ઞાનચેતનારૂપ આત્માના અનુભવ વડે સમસ્ત અન્ય દ્રવ્યોથી ભિન્નપણે પોતાને જાણ્યો, એટલે પરસાથે એકતાબુદ્ધિરૂપ મોહને જીતી લીધો, તે આત્મા જિતેન્દ્રિય–જિન છે; તેણે સર્વજ્ઞની સાચી સ્તુતિ કરી.

૪૨. આ જીવને માટે પોતાનો ઉપયોગસ્વરૂપ આત્મા જ ધ્રુવ છે, બીજું બધું અધ્રુવ છે. કોઈનો સંયોગ નિત્ય રહેતો નથી. પવિત્ર જ્ઞાનચેતનાથી પરિપૂર્ણ આત્મા છે, તેનો અનુભવ કરતાં પરદ્રવ્યમાં ક્યાંય મોહ રહેતો નથી. જ્ઞાનચેતનામાં રાગનો પણ અભાવ છે. જ્યાં આવી ચેતનારૂપે આત્માને અનુભવ્યો ત્યાં, જડ દ્રવ્યઇન્દ્રિયો ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિયો, તેમજ તેના વિષયરૂપ બાહ્ય પદાર્થો –એ ત્રણેયથી

એક સાથે ભિન્નપણું થયું. આ આત્માની જ્ઞાનચેતના સિવાય બીજું કાંઈ, મંદિર –મૂર્તિ–શાસ્ત્ર કે બીજા આત્માઓ તે કાંઈ, આત્માના સ્વમાં નાંખવા જેવું નથી, એ બધાં તો પરજ્ઞેયો છે. આવા અનુભવ વડે જ સર્વજ્ઞની સાચી સ્તુતિ થાય છે.

૪૩. ભાઈ, આવા આત્મા સિવાય બીજું કાંઈ તને શરણ નથી. નેમનાથ તીર્થંકર જ્યારે આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા, શ્રીકૃષ્ણ અને બળભદ્ર જેવા વીરયોદ્ધા જ્યારે દ્વારિકાના રાજા હતા, ત્યારે દ્વારિકાનગરી આગમાં ભડભડ બળીને ખાખ થવા લાગી... કૃષ્ણ અને બળભદ્ર પોતાના માતા–પિતાના રથને પણ દરવાજાની બહાર કાઢી ન શક્યા. જ્યાં સ્થિતિ પૂરી થાય ત્યાં કોણ તેને રોકે? એ તો બધાય જ્ઞાનના વિષયો છે, તેમનાથી જ્ઞાનની તદ્ન ભિન્નતા છે. અનિત્ય સંયોગને કાયમ ટકાવવા માંગે, પણ જીવ તેને ટકાવી શકે નહીં, સંયોગોથી અધિક એટલે કે જુદો એવો અસંયોગી અવિનાશી ચેતના–ગુણે પૂરો હું છું–એમ ધર્મી અનુભવે છે.

૪૪. પ્રભુ! આ તારા સૂક્ષ્મ ચૈતન્યતત્ત્વની જ વાત સંતો તને સમજાવે છે. આવા તત્ત્વને સમજ્યા વગર બીજા ઊંધા ઉપાય કરી કરીને સંસારમાં અનંત યુગ વીત્યા, પણ પંથનો પાર ન આવ્યો. સાચી સમજણનો માર્ગ લ્યે તો સંસારનો અંત આવ્યા વગર રહે નહીં. પુણ્યપરિણામ અનંતવાર કર્યા પણ એનાથી કાંઈ ભવનો અંત ન આવે. ભાઈ! જન્મ–મરણને ટાળીને મોક્ષ પામવાના મારગડા કોઈ અલૌકિક છે.

૪૫. જોનારો જે જ્ઞાનસ્વભાવ પોતે, તે પોતે પોતાને ન જાણતાં, જ્ઞાનના વિષયરૂપ એવા નીકટવર્તી જે બાહ્ય જ્ઞેયો દેવ–ગુરુ–શાસ્ત્ર કે સ્ત્રી–શરીર–લક્ષ્મી તેમની સાથે એકતા માને છે. જ્ઞાનસ્વભાવના અનુભવ વડે ભિન્નતા જાણવી તે ધર્મ છે.

૪૬. 'સમયસાર' એટલે શુદ્ધ આત્મા, તે કદી બળે નહીં, તેને આગ લાગી ન શકે; અરે, કષાયઅગ્નિનો કણિયો પણ એનામાં નથી. સમયસાર એટલે શુદ્ધ આત્મા, તેના અસંખ્ય પ્રદેશ કદી કરમાય નહીં, તેની જ્ઞાનચેતનામાં રાગરૂપી અગ્નિ પ્રવેશી શકે નહીં. બહારના જડના સંયોગ તો આવે ને જાય, પણ સમયસાર એવો ભગવાન આત્મા પોતાના ચેતનસ્વભાવે અવિનાશીપણે બિરાજી રહ્યો છે. આવો આત્મા બાહ્ય વિષયોથી દૂર છે, જુદો છે. આવી ઓળખાણ તે ભગવાનની નિશ્ચયસ્તુતિ છે.

૪૭. જેનાથી જીવને બંધન થાય તે ધર્મ નહીં; અને જે ધર્મ તેનાથી બંધન થાય નહીં. સમ્યગ્દ્રષ્ટિને જ તીર્થંકર નામકર્મ બંધાય, અને છતાં તે બંધનું કારણ સમ્યગ્દર્શન નથી; સમ્યગ્દર્શન સાથેનો જે રાગ છે તે જ બંધનું કારણ છે. તે રાગ બંધનું જ કારણ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી. આ રીતે બંધભાવોથી ભિન્ન આત્માને જાણવો તે સર્વજ્ઞનો માર્ગ છે, તે અરિહંતની સ્તુતિ છે.

૪૮. જેટલા પરાશ્રિત વ્યવહાર ભાવો છે તે બધાયથી ધર્મી પોતાને ભિન્ન, જ્ઞાનચેતનામાત્ર અનુભવે છે. કોઈ પણ વ્યવહારમાં એટલે કે પરાશ્રયભાવમાં તન્મયબુદ્ધિ તે મિથ્યાત્વ છે. ધર્મી જીવ સર્વે પરાશ્રયભાવોથી મુક્ત છે, જુદો છે. આવું ભાન હોવા છતાં, સાધક દશામાં ધર્મીને જ્ઞાનથી ભિન્નપણે શુભરાગ આવે છે એટલે વીતરાગ ભગવાનની ભક્તિ વગેરેના ભાવ આવે છે; એવી વ્યવહારસ્તુતિ છે, અને અંદર જે વીતરાગ દશા થઈ તે પરમાર્થ સ્તુતિ છે.

૪૯. તીર્થંકર થનાર જીવ જ્યારે માતાજીના ગર્ભમાં અવતરે છે ત્યારે ઇન્દ્રો આવીને તે માતાજીનું સન્માન–પૂજન કરે છે, અને કહે છે કે હે રત્નકુંખધારિણી માતા! તમે તો જગતની જનેતા છો. તમારો તો પુત્ર છે પણ જગતનો તે નાથ છે. હે માતા! આવા જગતારણહારને ઉદરમાં ધારણ કરવાથી આપ પણ જગપૂજ્ય છો. ભગવાનના માતા–પિતા પણ મોક્ષગામી હોય છે.

૫૦. માતાના ઉદરમાં હતો ત્યારે પણ ભગવાનનો આત્મા જાણતો હતો કે આ દેહ હું નથી, હું તો મારા અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણે પરિપૂર્ણ છું.–આવા સ્વરૂપે ભગવાન પોતાને જાણતા હતા, ને આવા સ્વરૂપે ભગવાનને ઓળખવા તે જ સાચી સ્તુતિ છે.

૫૧. એ જ ભવમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને જેઓ પરમાત્મા થવાના છે અને ઇન્દ્રો જેની જન્મ પહેલાં પણ સેવા કરે છે એવા તીર્થંકરને, કેવળજ્ઞાન પછી તો આહાર કે નીહાર કંઈ હોતું નથી, અને નીહાર (મળ–મૂત્ર) તો જન્મથી જ તેમને નથી હોતા. એનો દેહ પણ દિવ્ય હોય છે. એને રોગ ન હોય, પરસેવો ન હોય; કેવળજ્ઞાન થયા પછી આહાર ન હોય.

૫૨. ભગવાનનો અવતાર થયા પછી મેરુ ઉપર ઇન્દ્ર તેમનો જન્માભિષેક કરે છે અને હજાર નેત્ર ખોલીને ટમકાર રહિત આંખથી પ્રભુનું રૂપ નીહાળ્યા કરે છે,–એવું

અદ્ભુત રૂપ હોય છે. આ રીતે ઇન્દ્રે પ્રભુને નીહાળ્યા ત્યારે તેનાં નેત્રની સફળતા થઈ. તેમ અંતર્મુખ થઈને જ્ઞાનચક્ષુવડે જ્યારે અંતરમાં પોતાના પરમાત્માને નીહાળે ત્યારે જીવના જ્ઞાનચક્ષુની સફળતા છે.

૫૩. મેરુ પર્વત તો શાશ્વત અનાદિ છે, ને સૂર્ય–ચંદ્ર અનાદિથી તેની પ્રદક્ષિણા કરે છે; પણ ભક્તિના અલંકારથી મુનિરાજ કહે છે કે હે નાથ! મેરુ ઉપર જ્યારે આપનો જન્માભિષેક થયો ત્યારે તે મહાન તીર્થ બન્યો અને તેથી સૂર્ય–ચંદ્ર તેની પ્રદક્ષિણા કરવા લાગ્યા; તેમ આત્માના સ્વભાવમાં તો અનંત દર્શન–જ્ઞાન–આનંદ છે જ પણ તેનું ભાન કરીને જ્યારે સમ્યગ્દર્શન–જ્ઞાન–આનંદ પ્રગટ કર્યા ત્યારે આત્મા પોતે તીર્થ થયો. આ રીતે તરવાનો ઉપાય પ્રગટ કરીને પોતાના આત્માને પરમાત્મા બનાવવાની આ વાત છે.

૫૪. રાગમાં રાગ હો, જ્ઞાનમાં રાગ નથી. જ્ઞાન અને રાગનું જુદું સ્વરૂપ જાણીને ધર્મી પોતાને જ્ઞાનપણે અનુભવે છે, ને રાગને પરજ્ઞેયપણે જાણે છે. આવા અખંડ જ્ઞાનના અનુભવથી ધર્મીએ અનાદિ કર્મધારાને ખંડખંડ કરી નાંખી છે; આચાર્યદેવ અલંકારથી કહે છે કે હે નાથ! ઇન્દ્રે જ્યારે આપની ભક્તિ કરી ને તાંડવનૃત્ય કર્યું ત્યારે તેના હાથ ભટકાવાથી આ વાદળનાં ખંડખંડ થઈ ગયેલા, તેના કટકા હજી આકાશમાં ઘૂમી રહ્યા છે; તેમ અંતરમાં જ્ઞાનવડે આપની ભક્તિ કરતાં અમારા કર્મરૂપી વાદળાંના પણ ટૂકડેટૂકડા થઈ ગયા છે.

૫૫. સ્વાનુભવ વડે ધર્મીને અસંખ્યપ્રદેશી ચૈતન્યપૃથ્વીમાં અનંતગુણના અંકૂરા ફૂટયા છે. કેમકે ચૈતન્યનાથની પ્રાપ્તિથી તે સનાથ બન્યા છે. પહેલાં પર્યાયમાં આનંદનો દુકાળ હતો, પણ હે નાથ! આપે કહેલા આત્માનું ભાન કરીને જ્યાં અનુભવ કર્યો ત્યાં અનંતગુણની પર્યાયમાં નિર્મળ અંકુરા ફૂટયા, આનંદના બગીચા ખીલી નીકળ્યા. ધર્મીને અંતરમાં આવી દશા ખીલે છે તેની તેને પોતાને ખબર પડે છે.

૫૬. વૈશાખ સુદ બીજના મંગલ પ્રવચનમાં ગુરુદેવ કહે છે કે ઉપયોગસ્વરૂપ આત્મા છે તે પોતે જ આત્માને માટે ધ્રુવ છે; એવા ધ્રુવ સ્વભાવને દ્રષ્ટિમાં લઈને પરિણમવું, ને વચ્ચે આવતા અધ્રુવ સંયોગી ભાવોમાં ન અટકવું. પરભાવોને સ્પર્શ્યા વગર અંતરમાં વળીને પોતે પોતાના સ્વભાવમાં ધ્રુવપણે ગતિ કરવી. આ મહામંગળ છે; ને આ જિનભક્તિ છે.

૫૭. જેમ રસ્તે ચાલ્યો જતો મુસાફર, વચ્ચે આવતા અનેક વૃક્ષોની છાયામાં અટકતો

નથી, તે તો પોતાની ગતિથી ચાલ્યો જાય છે; તેમ નિજ સ્વરૂપને ધ્યેય બનાવીને મોક્ષના રસ્તે ચાલ્યો જતો મુમુક્ષુ, વચ્ચે ઝાડની છાયા જેવા અધ્રુવ ભાવોમાં અટકતો નથી; તે તો ધ્રુવ ઉપયોગરૂપ આત્માના ધ્યેય મોક્ષપુરી તરફ ચાલ્યો જાય છે...આનંદનું વેદન કરતો કરતો તે પોતાના સિદ્ધપદને સાધે છે.

૫૮. જેમ બીજનો ચંદ્ર ઊગ્યો તે વધીને પૂર્ણિમા થાય છે; તેમ અંતર્સ્વભાવને ધ્યેય બનાવીને જે જ્ઞાનબીજ આનંદ સહિત ઊગી, તે સ્વભાવના જ ધ્યેયે આગળ વધીને પૂર્ણ આનંદ સહિત પૂર્ણિમા થશે.

૫૯. એક અખંડ જ્ઞાયક સ્વભાવી આત્મા છે, તેનું જ્યારે વેદન કરે છે ત્યારે દ્રવ્યેન્દ્રિયોથી પોતાને ભિન્ન અનુભવે છે. અજ્ઞાની પોતાના જ્ઞાનને પરજ્ઞેયો સાથે ભેળવવાનું માનીને ખીચડો કરે છે, અને પોતાના ભિન્ન જ્ઞાનના સ્વાદને ભૂલી જાય છે. જ્ઞાનના ભાન વગર વ્યવહાર રત્નત્રયનો શુભરાગ કરે તો પણ અજ્ઞાનને લીધે તે જીવ પાપમાં જ પડેલો છે, કેમકે નિજસ્વરૂપથી તે પતીત થયેલો છે; જિનના માર્ગની તેને ખબર નથી.

૬૦. અહો, જિનનો માર્ગ અલૌકિક છે. એ તો સ્વભાવના આશ્રયરૂપ વીતરાગમાર્ગ છે, તેમાં પરાશ્રય નથી. પરની અપેક્ષા વગર જ્ઞાનસ્વભાવે ભરેલો ભગવાન આત્મા, તેનું જેને ભાન છે તે મોહને જીતનારો જિન છે. તે જિનમાર્ગમાં આવ્યો; તેણે પોતાની પ્રભુતા પોતામાં જ જાણી.

૬૧. સમંતભદ્રસ્વામી કહે છે કે હે નાથ! સમ્યગ્દ્રષ્ટિ જ આપની ખરી સ્તુતિ કરનાર છે. રાગમાં એકતાવાળો જીવ વીતરાગ ભગવાનની સ્તુતિ કેમ કરી શકે? હું જ્ઞાન છું–એવું જેને ભાન નથી, જ્ઞાનનો જેને અનુભવ નથી તે જ્ઞાનસ્વભાવની પૂર્ણતાને પામેલા ભગવાનની સ્તુતિ ક્યાંથી કરશે? હું જ્ઞાનસ્વભાવ છું–એવા અંતરના અનુભવ વડે જેટલું ચિંતવે એટલું મળે તેમ છે; આખું પરમાત્મપદ અંદરમાં ભર્યું છે.

૬૨. અહો, આવા પરમાત્મપદનું સ્મરણ ને ચિંતન કરવા જેવું છે. આવા ચૈતન્યપદના ચિંતનથી સંસાર આખો ભૂલાઈ જાય છે. આત્માના પરમ ચૈતન્યપદને લક્ષમાં લઈને જ્યાં સ્વાનુભવરૂપ સિંહનાદ કર્યો ત્યાં કર્મરૂપી બકરાં ઊભા રહેતા નથી. ધર્મી પોતાના આત્માને કર્મોથી અત્યંત જુદો અનુભવે છે, ને કષાયથી પણ જુદો

શાંત અકષાયરૂપ પોતાને અનુભવે છે. આવો જેણે અનુભવ કર્યો તે જિતેન્દ્રિય જિન થયો, સમકિતી થયો.

૬૩. આત્માના આવા અકષાય જ્ઞાનાનંદ સ્વરૂપને વીતરાગની વાણી બતાવે છે. આવી વીતરાગી વીરવાણી આત્માના વીતરાગભાવને જ પોષનારી છે. રાગને પોષે તે વીરની વાણી નહીં, એ તો કાયરની વાણી છે.

– 'વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસ મૂળ.'

૬૪. લીંડીપીપરમાં તીખાશની માફક આત્મામાં આનંદસ્વભાવ ભર્યો છે; આત્મા આ દેહથી ભિન્ન છે તેમાં અનંત શક્તિ છે. પોતાની આવી ચૈતન્યસંપદાને ચુકીને જે જીવ બહારમાં પરવસ્તુની ભીખ માંગે છે, એટલે કે પરચીજ હોય તો મને સુખ મળે એમ માને છે તે જીવ પરાધીન ભીખારી છે, થોડુંક માંગે તે નાનો માંગણ, ઝાઝું માંગે તે મોટો માંગણ; ને પોતાની પૂર્ણ ચૈતન્યસંપદાને જાણીને બીજું કાંઈ ન માંગે તે મોટો બાદશાહ છે. (આ ન્યાય સોનગઢમાં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી આવ્યા ત્યારે કહ્યો હતો; આજે વૈશાખ સુદ બીજે ભાવનગરમાં વીરભદ્રસિંહજી પ્રવચનમાં આવતાં તે ન્યાય કહ્યો.)

૬૫. આનંદના સાગરમાં જેણે એકતા કરી છે ને રાગ સાથેની એકતા જેણે છોડી છે તે વિરક્ત ગુરુ છે; તેઓ જ સંસારથી છૂટવાનો ને મોક્ષ પામવાનો સાચો રસ્તો બતાવી શકે. (વિરક્ત ગુરુમાં દિગંબર મુનિરાજ મુખ્ય છે.)

૬૬. જેને જગતની બીજી અનેક વિદ્યા આવડે છે પણ ભવસાગરથી તરવા માટેની ભેદજ્ઞાનવિદ્યા નથી આવડતી, તેની બધી વિદ્યાઓ દરિયામાં ડુબવાની છે. અને બહારનું બીજું જાણપણું કદાચ ઓછું હોય પણ જો અંતરમાં રાગથી ભિન્ન ચૈતન્યવિદ્યાને જાણે છે તો તે જીવ અલ્પ કાળમાં ત્રણ લોકની પ્રકાશક એવી કેવળજ્ઞાનવિદ્યા પ્રગટ કરીને ભવસમુદ્રથી તરી જશે.

૬૭. અરે આત્મા! તારા ચૈતન્યસ્વરૂપને જાણવાની એકવાર તો લગની લગાડ. પોતાની ચૈતન્યખાણને ભૂલીને બહારમાં જડની–પથરાની ખાણ ખોદવા રોકાયો, ને રાગમાં ધર્મ માનીને રાગની ખાણ ખોદવા રોકાયો; પણ એકવાર જડથી ભિન્ન રાગથી ભિન્ન એવી તારી ચૈતન્ય ખાણમાં ઊંડો ઊતર તો તારા ચૈતન્યના અપૂર્વ નિધાન તને તારામાં જ દેખાશે ને પરમ આનંદ થશે.

૬૮. ધર્માત્મા જાણે છે કે હું મારા ચૈતન્યરસથી સદાય ભરેલો છું. હું એક છું, મારા સ્વરૂપમાં મોહ નથી; શુદ્ધ ચેતનાનો સમુદ્ર જ હું છું આવા ચૈતન્યસમુદ્રમાં ડુબકી મારતાં આનંદનું વેદન થાય ને મોહ ટળે તે અપૂર્વ મંગળ છે.

૬૯. આનંદસ્વરૂપ ભગવાન આત્માને સ્પર્શીને જે અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય તે મંગળ છે.

૭૦. આત્મા પરિપૂર્ણ જ્ઞાન–આનંદસ્વભાવી છે, સર્વે જીવો જ્ઞાનમય સિદ્ધસમાન છે; કોઈ જીવ અધુરો નથી કે બીજો તેને આપે. આવો આત્મા, તેનું ભાન કરતાં જે સમ્યક્ બીજ ઊગી તે વધીને કેવળજ્ઞાન અને પરમાત્મદશારૂપી પૂર્ણિમા થશે.

૭૧. આત્મા પામર રહેનારો નથી પણ પ્રભુતાથી ભરેલો છે; તેનું ભાન કરી આ આત્માને પરમેશ્વર કેમ બનાવવો તેની આ વાત છે

૭૨. સમયસાર એટલે સર્વજ્ઞદેવ પાસેથી આવેલો જ્ઞાનનો દરિયો! તેમાં આત્માના સ્વભાવનો અગાધ મહિમા ભર્યો છે. એમાં ઊંડો ઊતરે તો આત્માના પરમ આનંદનો અનુભવ થાય.

૭૩. દર્શન–જ્ઞાન–ચારિત્ર તે આત્મામાં નથી–એનો અર્થ એ છે કે એવા ત્રણ ભેદ એક આત્માના અનુભવમાં નથી, અનુભવમાં અભેદ આત્મા છે. આવો અભેદ આત્મા તે હું છું એમ ધર્મી અનુભવે છે.

૭૪. વૈશાખ સુદ ત્રીજની વહેલી સવારમાં જાગતાવેંત ગુરુદેવના મુખમાંથી આ શબ્દો નીકળ્યા કે–‘ખોલો પ્રભુજી! ખોલો, આત્માના ખજાના ખોલો!’ અને પછી એ પદ ગાયું કે–

**ઉપજે મોહ-વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહીં વાર.**

૭૫. આ તો ચૈતન્યહીરાની અલૌકિક વાત છે. તેનું શ્રવણ અને બહુમાન કરતાં વચ્ચે વિકલ્પથી જે પુણ્ય બંધાય તે પણ બીજા કરતાં ઊંચી જાતના હોય છે. પણ ધર્મમાં તે રાગ કે પુણ્યની કાંઈ કિંમત નથી; આત્માનું જ્ઞાન તો તે રાગ અને પુણ્યથી જુદું છે.

૭૬. અવિનાશી આત્માને વિકારના ફળરૂપ જે દેહાદિનો સંયોગ છે તે ક્ષણભંગુર

વિનાશીક છે. જન્મ્યા પહેલાં જ તેને ક્ષણભંગુરતા લાગુ પડી ગઈ છે. અંદર વિજ્ઞાનઘન તત્ત્વ દેહથી જુદું છે. તે વિજ્ઞાનઘન તત્ત્વને અનુભવમાં લેતાં ધર્મ થાય છે; બીજા કોઈ ઉપાયે ધર્મ થતો નથી.

૭૭. સમયસારમાં આત્માના જે ભાવ ભર્યા છે તે ભાવ અનાદિના છે, અનાદિનો જે વસ્તુસ્વભાવ છે તે સમયસારમાં કહ્યો છે. સમયસારના શબ્દો ભલે વિનાશીક હો, પણ તેના વાચ્યરૂપ જે શુદ્ધાત્મા–સમયસાર છે તેનો કદી નાશ થતો નથી, ને કષાયઅગ્નિમાં તે બળતો પણ નથી. કષાયનો જુદો શાંતરસથી ભરેલો જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા છે.

૭૮. ચારગતિરૂપ જે દુઃખનો દરિયો, તેનાથી છૂટવા આત્માના સ્વભાવનું અવલંબન લે, તેમાં જ શાંતિ અને સુખ છે.

૭૯. જન્મને હું જાણું, જન્મ મારો નહીં; મરણને હું જાણું મરણ મારું નહીં; દેહને હું જાણું, દેહ હું નહીં; રાગને હું જાણું, રાગ હું નહીં; પર્યાયને હું જાણું પણ પર્યાય જેટલો જ હું નહીં; એક અખંડ જ્ઞાનાનંદતત્ત્વ હું છું.–આવું યથાર્થ જ્ઞાન કરવું તે ભવથી છૂટવાનો ને મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે.

૮૦. પોતાના ચૈતન્યસ્વભાવની અપૂર્વ વાત કદી જાણી નથી એટલે જીવને તે નવી લાગે છે. ભાઈ, તારું સ્વરૂપ જ પ્રભુ છે, તે તને બતાવીએ છીએ. તેની હા પાડી, રુચિ કરી અનંતા જીવો અનુભવ કરી મોક્ષમાં ગયા; માટે તું પણ આત્માના સ્વભાવની આ વાત અપૂર્વ ભાવે સાંભળ, તેને લક્ષગત કરીને અનુભવમાં લે, તો તને પરમઆનંદ સહિત મોક્ષદશા ખીલી જશે.–તે મંગળ છે.

૮૧. સીમંધર જિનવર નમું, આદિનાથ સુખકાર;
વીતરાગ સેવા વડે ઊતરું ભવથી પાર.
ભાવનગરમાં શોભતો ઉત્સવ મંગલકાર;
દેખી આનંદિત ‘હરિ’ બોલે જયજયકાર.

## પોતાના સ્વાધીન છકારકથી આત્મા નિજભાવને કરે છે. આત્મા પોતાના નિજભાવ સિવાય બીજું કાંઈ કરતો નથી.

જિન ભગવાનનો ઉપદેશ એમ છે કે–આત્મા ખરેખર પોતાના નિજભાવને જ કરે છે એટલે તે નિજભાવનો જ કર્તા છે; એ સિવાય પુદ્ગલકર્મનો તે કર્તા નથી. આનાથી વિરુધ્ધ માને તો તે જિન ભગવાનનો ઉપદેશ નથી. જડકર્મને આત્મા કરે, કે આત્માના ભાવોને જડકર્મ કરે–એમ ભગવાને કહ્યું નથી. જીવનું કર્તાકર્મપણું સ્વતંત્ર પોતામાં છે, અજીવનું કર્તાકર્મપણું સ્વતંત્ર પોતામાં છે. આવી સ્વતંત્રતા જાણીને ભેદજ્ઞાન કરવું તે ભગવાનનો માર્ગ છે.

જીવના વિકાર ભાવમાં કર્મ નિમિત્ત છે, અને કર્મમાં જીવનો વિકારભાવ નિમિત્ત છે, પરંતુ ખરેખર એકબીજાનાં કર્તા નથી. જીવનો વિકારભાવ કર્મે નથી કરાવ્યો, ને કર્મની અવસ્થા જીવે નથી કરી, પોતપોતાના કારકોથી બંનેનું સ્વતંત્ર પરિણમન છે. આત્મા પોતાના ભાવને છોડીને બીજું કાંઈ પણ કરતો નથી.

**णमो लोए सव्व आइरियाणं**-એમ પંચપરમેષ્ઠિના ત્રીજા પદમાં જેમનું સ્થાન છે એવા આચાર્ય કુંદકુંદસ્વામીનું આ કથન છે; તેમણે વિદેહમાં જઈને ત્યાંના જીવંતસ્વામી સીમંધર તીર્થંકરનો સાક્ષાત્ ઉપદેશ સાંભળ્યો હતો, ને ભરતક્ષેત્રમાં સદ્ધર્મની મહાન વૃદ્ધિ કરી હતી; તેઓ ભગવાનની સાક્ષી આપીને કહે છે કે–આત્મા પોતાના નિજભાવને જ કરે છે, પુદ્ગલને કરતો નથી–એવા જિનવચનને હે જીવો ! તમે જાણો.

નિશ્ચયથી કર્તા–કર્મ વગેરે કારકો અભેદ હોય છે. જીવના છકારકો જીવમાં હોય છે. કાર્ય જીવમાં ને તેનો કર્તા અજીવમાં–એમ હોતું નથી; ભિન્ન ભિન્ન વસ્તુમાં કારકો હોતાં નથી, એક જ વસ્તુમાં કર્તા–કર્મ–સાધન વગેરે હોય છે. આત્માના સમ્યક્ત્વાદિ ભાવનું સાધન આત્મામાં જ છે, તેમ આત્માના રાગાદિ વિકારી ભાવોનું સાધન–કર્તા વગેરે પણ આત્મામાં જ છે, જડ કર્મનું તેમાં કાંઈ જ કર્તવ્ય નથી. તે જ વખતે પુદ્ગલ કર્મની અવસ્થાનું કર્તાપણું–સાધન વગેરે પુદ્ગલમાં જ છે, જીવ તેનો કર્તા નથી.–આ વીતરાગી ભેદજ્ઞાનનો મહા સિદ્ધાંત છે.

પોતાની અશુદ્ધ કે શુદ્ધ પર્યાયને આત્મા પોતે ધારણ કરે છે એટલે આત્મા પોતે તેનો કર્તા છે. શુદ્ધસ્વભાવની દ્રષ્ટિમાં આત્મા રાગાદિનો કર્તા નથી, પણ જ્યારે

બે દ્રવ્યોનું (જીવ–અજીવનું) ભેદજ્ઞાન કરવું હોય ત્યારે જીવના રાગાદિભાવોનો કર્તા જીવ જ છે–એમ જાણવું જોઈએ.

જીવને કેવળજ્ઞાનપર્યાય થાય છે તેનું સાધન પણ જીવ જ છે, કેમકે કેવળજ્ઞાનનું સાધન થાય એવી શક્તિ જીવમાં છે. જ્ઞાનાવરણકર્મનો અભાવ તે જીવની કેવળજ્ઞાન–પર્યાયનું સાધન–એમ ખરેખર નથી. તેમજ જીવની પર્યાયે સાધન થઈને પુદ્ગલમાં જ્ઞાનાવરણ અવસ્થાનો નાશ કર્યો–એમ પણ નથી. જીવમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ, તે જ સમયે કર્મમાં જ્ઞાનાવરણ અવસ્થાનો અભાવ, એમ બંને સમકાળે એક સાથે થવા છતાં, જીવ અને પુદ્ગલ બંને પોતપોતાના જ ભાવના કર્તા છે, બીજાનું કર્તા કોઈ નથી. નિમિત્ત–નૈમિત્તિકપણું હોવા છતાં બંને વચ્ચે કર્તા–કર્મપણું નથી, કે કોઈ બીજાનું સાધન નથી. વસ્તુના કર્તા–કર્મ–સાધન વગેરે બધા કારકો વસ્તુમાં પોતામાં જ હોય છે, વસ્તુથી ભિન્ન હોતાં નથી. ભાઈ! જ્યાં કાર્ય થાય છે ત્યાં જ તેનું સાધન શોધ, કાર્યથી ભિન્ન વસ્તુમાં તેનું સાધન ન શોધ. તારા કેવળજ્ઞાનનું સાધન પરમાં ન શોધ; તેમજ તારા રાગાદિ અપરાધનો દોષ બીજા ઉપર ન ઢોળ. પોતાની શુદ્ધ કે અશુદ્ધ પર્યાયરૂપે પોતાના જ છ કારકોથી સ્વયમેવ પરિણમતો જીવ અન્ય કોઈ કારકની અપેક્ષા રાખતો નથી.

અહો, વસ્તુસ્વરૂપનું આવું ભેદજ્ઞાન તે વીતરાગતાનું કારણ છે. મુમુક્ષુજીવ આવા ભેદજ્ઞાનવડે જિનઆજ્ઞારૂપ માર્ગને પામીને સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ કરે છે, અને તે જ્ઞાનવડે પરભાવોનું કર્તા–ભોક્તાપણું સમાપ્ત કરીને, એકલા જ્ઞાનમાર્ગને જ અનુસરે છે (અર્થાત્ શુદ્ધ જ્ઞાનચેતનારૂપે જ પરિણમે છે,) અને શુદ્ધઆત્માની પ્રાપ્તિરૂપ મોક્ષનગરને પામે છે.

(પંચાસ્તિકાય ગા. ૬૨)

## અમેરિકાના આપણા સગાંસંબંધી માટે-

**આપણા મુમુક્ષુસમાજના અનેક સગાંસંબંધી અમેરિકા વગેરે પરદેશમાં વસે છે; તેમાંથી કોઈ-કોઈ આત્મધર્મ મંગાવીને વાંચે છે ને દૂરદેશમાં આવું વીતરાગી-સાહિત્ય તથા ભારતના ધાર્મિકસમાચારો વાંચીને ખુશી થાય છે. આ વાત સર્વે મુમુક્ષુ ભાઈ-બેનોને સૂચવવાની એક જિજ્ઞાસુ ભાઈએ પ્રેરણા આપી કે ભારતના જે જે જિજ્ઞાસુઓના સગાંસંબંધી પરદેશમાં વસતા હોય તેઓ સૌ પોતપોતાના સ્નેહીજનોને આત્મધર્મ જરૂર મોકલે. તે માટે દીવાળી (કારતક) અંક સુધીનું એર-પોસ્ટ સહિતનું લવાજમ (અમેરિકા માટે રૂા. ૨૨ બાવીસ) સોનગઢ નીચેના સરનામે મોકલી આપે. બીજા દેશો માટે ઓફિસમાં તપાસ કરવી.**

**-આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# 卐 ઉત્તમ જીવન કયા પ્રકારે જીવવું ? 卐

**વૈશાખ સુદ બીજ-નિબંધ યોજનામાં આવેલા ૮૬ નિબંધમાં સર્વશ્રેષ્ઠ નિબંધ ( માર્ક ૮૫ ) લે. દીપક ચંદુલાલ જૈનઃ રાજકોટ ( સ. નં. ૧૫૫ )**

ઉત્તમ જીવન ક્યા પ્રકારે જીવવું ? તેનો વિચાર અહીં ચાર ભાગમાં કરીશું–

( ૧ ) ઉત્તમ જીવન એટલે શું ? ( ૨ ) ઉત્તમ જીવનની પ્રાથમિક ભૂમિકા કેવી હોય ? ( ૩ ) ઉત્તમ જીવનની પ્રાપ્તિ ( ૪ ) ઉત્તમ જીવનની પ્રાપ્તિનું ફળ અને ફાયદા.

## ( ૧ ) ઉત્તમ જીવન એટલે શું ?

અહીં પ્રથમ તો એ જ વિચાર આવે છે કે ઉત્તમ જીવન એટલે શું ? અરે, અત્યાર સુધી તો એમ જ ભાવના ભાવતા હતા કે મોટા થઈને ખૂબ ભણશું, નોકરી કરીને પૈસા–મોટર–બંગલા પ્રાપ્ત કરશું અને મોટા હોદ્દા કીર્તિ મળશે. બસ ! એમાં જ અમારા જીવનની સાર્થકતા ! પણ હવે, પૂ. ગુરુદેવની આત્મસ્પર્શી વાણીનો જે બોધ આત્મધર્મ દ્વારા મળે છે તે ઉપરથી નક્કી થાય છે કે ઉપરની માન્યતાવાળું જીવન તે કાંઈ ઉત્તમ જીવન નથી; તે તો ખરેખર આત્માનું જીવન જ નથી, તે તો જડનું જીવન છે; જડના સંયોગોમાં કાંઈ જીવનું જીવન નથી. આત્માનું ઉત્તમ જીવન કોઈ અલૌકિક હોવું જોઈએ. જગતના સામાન્ય જીવો જડમાં સુખ માનીને જે જીવન જીવી રહ્યો છે તે ઉત્તમ જીવન નથી, પણ જ્ઞાનીઓ જડથી ભિન્નતા જાણીને જે જ્ઞાનમય જીવન જીવે છે તે જ જીવન ઉત્તમ છે. કેવું છે તે જીવન ? અંદર અનંત–અનંત જીવનશક્તિને ધારણ કરનાર જે ચૈતન્યદ્રવ્ય ત્રણે કાળે બિરાજમાન છે, તેના ઉપર જ્ઞાનઉપયોગની એકાગ્રતા થતાં સુખ–આનંદ આદિના પરમ સ્વાદનું વેદન થાય એટલે પૂર્વે કદી જે પ્રાપ્ત નથી થયું તેવું આનંદ સહિતનું જીવન પ્રગટે, તે જ ઉત્તમ જીવન છે, તે જ સુખી જીવન છે. આવા ઉત્તમ જીવન માટેની પ્રાથમિક ભૂમિકા કેવી હોય ? તેનો પણ આપણે વિચાર કરવો પડશે.

## ( ૨ ) ઉત્તમ જીવનની ભૂમિકા

ઉપર કહ્યું તેવું ઉત્તમ જીવન, માત્ર સાંભળ્યે–વાંચ્યે કે બોલ્યે આવી જાય તેવું નથી, તેને માટે પૂર્વ તૈયારી બરાબર હોય તો જ આવું જીવન પ્રાપ્ત થાય છે. તે

માટે ઉત્તમ જીવન જીવનારા એવા વીતરાગી દેવ–ગુરુ તથા શાસ્ત્રની શ્રદ્ધા કરીને, તેઓ આત્માનું શું સ્વરૂપ બતાવે છે તે બરાબર લક્ષપૂર્વક ગ્રહણ કરવું જોઈએ. તેની રુચિ, સંસાર તરફ ઉદાસીનતા, વગેરે પણ ઉત્તમ પ્રકારનાં હોવા જોઈએ. વિશેષમાં–દેવ–ગુરુ–શાસ્ત્ર જે શુદ્ધસ્વરૂપ ત્રિકાળી સ્વરૂપ બતાવી રહ્યા છે તે મારી પાસે જ છે. હું જ તે છું; શરીરઆકારે પણ શરીરથી ભિન્ન એવું મારું જ્ઞાનસ્વરૂપ અત્યારે મારી પાસે મોજૂદ છે. –એમ પોતાના જ્ઞાનમાં નિજસ્વરૂપનો પાકો નિર્ણય અફર નિર્ણય કરવો. મારું સ્વરૂપ ક્યાંય બહારમાં નથી, શરીરમાં નથી, રાગમાં નથી, કે અંદરના ભેદવિકલ્પો પણ મારું સ્વરૂપ નથી; મારું સ્વરૂપ એટલે કે મારું જીવન તે ત્રિકાળી ચૈતન્યભાવમય છે. આવા સ્વરૂપનો જ્ઞાનમાં નિર્ણય કરીને અંદરમાં વારંવાર તેના અનુભવનો અભ્યાસ, તે જ ઉત્તમ જીવનની પ્રાથમિક ભૂમિકા છે. આવી સત્ય ભૂમિકામાં પણ જીવ પૂર્વે કદી આવ્યો નથી. માટે મુમુક્ષુએ પ્રથમ નિજસ્વરૂપનો નિર્ણય કરીને ઉત્તમ જીવન માટે તેનો પ્રયત્ન કરવો.

## ( ૩ ) ઉત્તમ જીવનની પ્રાપ્તિ

જે બીજા પોઈન્ટમાં પ્રાથમિક ભૂમિકા માટે જ્ઞાનમાં સ્વરૂપનો નિર્ણય કરવાની વાત આવી તે નિર્ણય સાથે હજી વિકલ્પ પણ છે; અનુભવ પહેલાં એવો વિકલ્પ પણ રહે છે, છતાં તે વિકલ્પ ઉપર દ્રષ્ટિ રાખવાની નથી,–એટલે તેની મહત્તા નથી, પણ વર્તમાન જ્ઞાન જે ત્રિકાળી સ્વરૂપનો વિચાર કરે છે તે ત્રિકાળી સ્વરૂપની મહત્તા કરીને, તેમાં એકમેક એકાકાર થઈ જવાનું છે. આ રીતે સ્વભાવ તરફ ઢળતા જ્ઞાનની મુખ્યતા છે, વિકલ્પની મુખ્યતા નથી. મુમુક્ષુ જીવ આવા જ્ઞાનના જોરે નિજસ્વભાવમાં ઓતપ્રોત એવો થઈ જાય છે કે વિકલ્પથી દૂર ખસીને આત્માનું પ્રત્યક્ષ ( નિર્વિકલ્પ ) સ્વસંવેદન થઈ જાય છે; વારંવાર પોતાના સ્વભાવમાં એકાગ્ર બનવામાં તેની રુચિ, તેનો ઉલ્લાસ એકદમ બળવાનપણે કામ કરે છે; તેનો ઉપયોગ ત્રિકાળીસ્વભાવ તરફ જ વારંવાર અગ્રેસર થાય છે. વીર્યના આવા સ્વસન્મુખ ઉલ્લાસમાં વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થઈ જાય છે. અહાહા ! તે સુખ અને તે આનંદનું આ જડ શબ્દો દ્વારા શું વર્ણન થઈ શકે ? ક્યાં ચેતનના સુખ–આનંદ, અને ક્યાં આ જડના શબ્દોની રચના ! છતાં ટૂંકમાં–અપૂર્વ–અપૂર્વ આનંદની પ્રાપ્તિ થાય છે. અહો, ધન્ય તે પળ ! તે જ ઉત્તમ જીવન છે. આ ધન્ય પળ તે જ જીવનું ખરું જીવન છે, અને ત્યાંથી જ ઉત્તમ જીવનની શરૂઆત થાય છે. તે જીવ ધન્ય–ધન્ય બની જાય છે.

આવા જીવનની શરૂઆત થતાં તે જીવ પંચપરમેષ્ઠી ભગવંતોની પંક્તિમાં ભળી જાય છે.

આ રીતે પોતાના આત્માના ભાન સહિતનું જીવન તે જ ખરું જીવન છે,–પછી તે મનુષ્ય હો કે તિર્યંચ હો. અને જેણે સ્વની સમજ પ્રાપ્ત ન કરી તે મનુષ્ય હોય તોપણ પશુ સમાન છે. માત્ર મનુષ્યપણું કે ઉત્તમ કુળ વગેરે મળવું તે કાંઈ ઉત્તમ જીવન નથી, પરંતુ સ્વદ્રવ્યની સમજણ અને આનંદના અનુભવ સહિતનું જીવન તે જ સત્ય જીવન છે, તે જ ઉત્તમ જીવન છે.

## ( ૪ ) ઉત્તમ જીવનની પ્રાપ્તિનું ફળ અને ફાયદા

ઉત્તમ જીવનની પ્રાપ્તિ થતાં તે જ સમયથી જીવને સુખ અને આનંદની શરૂઆત થઈ જાય છે; તેની સમયે સમયે વૃદ્ધિ થતી જાય છે; અને વિશેષ વૃદ્ધિ થતાં તેના ફળમાં શ્રાવકપણું ને મુનિપણું પ્રાપ્ત થાય છે; અને તેનાથી પણ વિશેષ સુખની વૃદ્ધિ ઉત્તરોત્તર વધતી જાય છે ત્યારે વીતરાગદશા ને અરિહંત પદની પ્રાપ્તિ થાય છે, ત્યારપછી સિદ્ધપદનું સર્વોત્કૃષ્ટ જીવન પ્રાપ્ત થાય છે. આવા સર્વોત્કૃષ્ટ ફળની પ્રાપ્તિ ઉત્તમ જીવન વડે ( એટલે સ્વાનુભવના પ્રયત્ન વડે ) જ થાય છે. અહા! શું તે જીવનનો ચમત્કાર છે!–કે એક વખત તે ઉત્તમ જીવન પ્રાપ્ત થયું તો પછી તેના ફળમાં અનંત જ્ઞાન–દર્શન–સુખના મોટા વૃક્ષો ફાલી નીકળ્યા. કઈ રીતે તે જીવનનો મહિમા કરવો? ખરેખર સમ્યગ્દર્શન સહિતનું વીતરાગી જીવન તે જ આદર્શ ઉત્તમ આનંદી જીવન છે.

આવું જીવન પ્રાપ્ત થવાના ફાયદા ઘણા છે. જ્યારે આવું જીવન પ્રાપ્ત નહોતું થયું ત્યારે પ્રથમ મહાન દોષ જે મિથ્યાત્વ તેને લીધે પરના કર્તાપણાનો ભાવ રહેતો હતો, હવે ભિન્નતાના ભાન વડે આવું જીવન પ્રાપ્ત થતાંવેંત, કર્તાબુદ્ધિનો જે મહાન દોષ અનંત સંસાર રખડાવનાર છે તે તરત નાશ પામે છે, અનાદિથી એમ મનાયું છે કે જડ શરીરથી જ હું જીવું છું, એટલે જડનાં કાર્ય હું કરું છું, હું જ તેનો કર્તા છું, હું ન હોઉં તો કોઈ કાર્ય ન થાય,–આવી અજ્ઞાન માન્યતારુંપ મિથ્યા અભિમાન આત્માની ઓળખાણ વડે જ ટળે છે. તે ટળતાં ખોટી કર્તાબુદ્ધિનો નાશ થાય છે; અને જીવ જે ખોટા ભારથી ભારે ભારે રહેતો હતો તે ખોટા ભારના નાશથી એકદમ હળવો ( નિરાકૂળ ) બની જાય છે. તેને ભાવમરણ છૂટીને આત્મજીવન પ્રાપ્ત થાય છે. વળી, પુણ્ય વગેરે રાગને ધર્મ માની તે પુણ્યની ક્રિયાને જ પોતાનું જીવન

માનતો હતો, પણ હવે જ્ઞાનમય સાચા જીવનની પ્રાપ્તિ થતાં તે માન્યતા છૂટી જાય છે; એટલે તે જીવ પુણ્યની ક્રિયાને પુણ્યના સ્થાને રાખે છે ને ધર્મની ક્રિયાને ધર્મના સ્થાને રાખે છે;– એમ બંનેને ભિન્ન જાણીને, ધર્મની ક્રિયા વડે રાગથી જુદું જીવન જીવે છે, તે સાચું જીવન છે. રાગવાળું જીવન તે સાચું જીવન નથી; રાગ વગરનું વીતરાગી જ્ઞાનજીવન તે જ સાચું જીવન છે.

આવી રીતે દરેક તત્ત્વની ખરી સમજણ વડે આત્માના ઉત્તમ જીવનની પ્રાપ્તિ થતાં જીવને ઉત્તમ ફળ અને ફાયદા થાય છે. જીવન તો આત્માના જ્ઞાન–દર્શન અને સુખપૂર્વક જ જીવવા જેવું છે, અને તે જ ઉત્તમ જીવન છે.

**ઉપસંહાર:–** આત્માની સમજણપૂર્વકનું આવું ઉત્તમ જીવન પરમ પૂજ્ય અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવની અનંત કૃપાથી, અને આપણા આત્મધર્મમાં આવતા તેમના વીતરાગી ઉપદેશથી આપણને જલ્દી પ્રાપ્ત થાઓ...એ જ જીવનનું ધ્યેય છે.

---

## તાત્કાલિક દવા

શરીરમાં અચાનક ગંભીર રોગ આવી પડે ત્યારે તાત્કાલિક ઉપાય શું ?

શરીરથી ભિન્ન ચૈતન્યની ભાવનામાં ઉપયોગ લગાવી દેવો–તે જ તાત્કાલિક ઉપાય છે. એ ઉપાયથી જ રોગની પીડાનું લક્ષ છૂટીને ચૈતન્યની શાન્તિ વેદાય છે. આ ઉપાય અમોઘ છે, એટલે જરૂર લાગુ પડે જ; વળી સ્વાધીન છે એટલે બહારના વૈદ કે ડોકટરની રાહ ન જોવી પડે. આ ઉપાય સર્વ રોગનાં દુઃખ મટાડનારો છે.

---

## વૈરાગ્ય સમાચાર

ચોટીલાવાળા સાંકળીબેન (જેઓ સોનગઢમાં રહે છે) તેમના પુત્ર અમુલખભાઈ ૪૫ વર્ષની વયે વૈશાખ વદ ચોથના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર ગુરુદેવનો લાભ લેતા હતા.

ચુડાવાળા શેઠ ગોકળદાસ શિવલાલ અજમેરા મુંબઈ મુકામે ત્રણચાર માસ અગાઉ સ્વર્ગવાસ પામ્યા છે. (આટલા સમાચાર વિલંબથી પ્રાપ્ત થયા છે. વિશેષ વિગત મળી નથી.) તેમના ધર્મપત્ની લેરીબેન પૂ. ગુરુદેવ પ્રત્યે ખાસ ભક્તિભાવ ધરાવે છે. ગોકળદાસભાઈ પણ કોઈ કોઈવાર ગુરુદેવના દર્શને આવતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓ દેવ ગુરુના શરણે આત્મહિત પામો.

# વૈશાખ સુદ બીજઃ નિબંધયોજનામાં આવેલા ૮૬ નિબંધોની યાદી

વૈશાખ સુદ બીજ ગુરુદેવની જન્મજયંતિ નિમિત્તે જે નિબંધયોજના રજૂ થયેલ તેમાં નાના–મોટા જિજ્ઞાસુઓ તરફથી ૮૬ જેટલા નિબંધો પ્રાપ્ત થયા છે. ખરેખર જિજ્ઞાસુઓએ સંપાદકની કલ્પનાથી પણ વધુ ઉત્સાહ બતાવ્યો છે. નિબંધો ઉચ્ચ કક્ષાના ભાવોથી ભરેલા છે, જે દેખીને ખ્યાલ આવે છે કે આપણા બાળકો કોલેજિયનો કે પ્રૌઢો સર્વે જિજ્ઞાસુઓનાં હૃદય કેવી ઉત્તમ ભાવનાઓથી ભરેલા છે! સાધર્મીઓનો આવો ધર્મપ્રેમ અને ઊંચી ભાવનાઓ દેખીને આનંદ થાય છે. ધન્યવાદ સાથે એટલું જ કહેવાનું કે બંધુઓ! ગુરુપ્રતાપે મળેલા આવા ઉત્તમ સંસ્કારોને અન્ય જિજ્ઞાસુઓમાં પણ ખૂબખૂબ ફેલાવજો. આજે જગતને શાંતિ માટે, કલ્યાણ માટે આવા ઉત્તમ સંસ્કારોની ખૂબ જરૂર છે.

જે–જે ભાઈબહેનો તરફથી નિબંધ મળ્યા છે તેમનાં નામ અહીં આપ્યા છે. નિબંધો ઘણા હોવાથી, તેમજ સંપાદક છેલ્લા ત્રણ માસથી પૂ. ગુરુદેવ સાથે પ્રવાસમાં હોવાથી, નિબંધોની ચકાસણી પૂરી થઈ શકી ન હતી. આ અંકમાં નિબંધ લખનારનાં નામની સામે તેમને મળતાં માર્ક પણ લખ્યા છે. તેમાં ૮૫ માર્ક સાથે પ્રથમ નંબરનો ચંદ્રક રાજકોટના શ્રી દીપકભાઈ ચંદુલાલને મળે છે. તે ઉપરાંત નિબંધમાં ભાગ લેનારા સૌને ધન્યવાદ સાથે ભેટપુસ્તકો મોકલવામાં આવ્યા છે. (આ ભેટ સૌ. પુષ્પાબેન એમ. દોશી તરફથી આપવામાં આવેલી છે.

## (નિબંધ લખનારનાં નામો તથા તે નિબંધને મળેલા માર્ક)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચીમનલાલ ન્યાલચંદ શાહ | રાજકોટ | ૪૦ | ૧૪ | મીરાબેન એમ. જૈન | રાણપુર | ૫૫ |
| ૨ | ગીતાબેન ગાંડાલાલ ચાવડા | રાજકોટ | ૭૦ | ૧૫ | પ્રવીણકુમાર જૈન | ભોપાલ | ૫૦ |
| ૩ | મુકેશકુમાર વી. ગાંધી (સ્વર્ગસ્થ) | ઈંદોર | ૬૫ | ૧૬ | અરૂણાબેન અમૃતલાલ જૈન બી. એ. | કલકત્તા | ૪૦ |
| ૪ | રમેશકુમાર વી. જૈન | ઈંદોર | ૭૫ | ૧૭ | દિપક ચંદુલાલ જૈન (સર્વશ્રેષ્ઠ) | રાજકોટ | ૮૫ |
| ૫ | ઉર્વશીબેન ગોપાલજી | રાજકોટ | ૪૦ | ૧૮ | શાંતિલાલ હરજીવનદાસ જૈન | અમદાવાદ | ૫૫ |
| ૬ | કંદોઈ ચીમનલાલ તુલસીદાસ | જોરાવર નગર | ૬૦ | ૧૯ | નવનીતકુમાર હરજીવનદાસ જૈન | અમદાવાદ | ૪૦ |
| ૭ | રાજેન્દ્ર વસંતલાલ જૈન | મુંબઈ | ૫૦ | ૨૦ | વીરેશ એચ. જૈન | ભાવનગર | ૪૦ |
| ૮ | વનિતાબેન ગુલાબચંદ જૈન | જામનગર | ૫૨ | ૨૧ | સભ્ય નં. ૧૮૬૩ | (સાબલી) | ૪૦ |
| ૯ | નરેન્દ્રકુમાર કાંતિલાલ જૈન | — | ૪૮ | ૨૨ | સભ્ય નં ૮૧૨ | સુરેન્દ્રનગર | ૫૫ |
| ૧૦ | કાંતિલાલ ટી. જૈન | કલકત્તા | ૬૬ | ૨૩ | મીનાક્ષીબેન એન. જૈન | અમરાપુર | ૫૫ |
| ૧૧ | સુરેશકુમાર ભૂરાલાલ કામદાર | સુરત | ૬૦ | ૨૪ | જયશ્રીબેન એન. જૈન | અમરાપુર | ૫૦ |
| ૧૨ | દિલીપકુમાર ભોગીલાલ ડગલી | બોટાદ | ૬૭ | ૨૫ | રંજનબેન એન. જૈન | અમરાપુર | ૪૫ |
| ૧૩ | સભ્ય નંબર ૧૬૯૪ થી ૧૬૯૮ | —— | ૩૫ | | | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૬ | અરવિંદ જે. જૈન | ગોંડલ | ૪૭ | ૫૭ | દેવજી હરિભાઈ | મુંબઈ | ૫૦ |
| ૨૭ | કાનજીભાઈ જેઠાલાલ જૈન | વઢવાણ | ૫૫ | ૫૮ | વીણાબેન આર. જૈન | જોરાવરનગર | ૬૦ |
| ૨૮ | મુકેશકુમાર અમૃતલાલ જૈન | વડોદરા | ૪૫ | ૫૯ | જ્યોત્સનાબેન નગીનલાલ જૈન | કલકત્તા | ૬૧ |
| ૨૯ | અશોકકુમાર એમ. જૈન | ઉત્તરસંડા | ૫૦ | ૬૦ | કીર્તિબેન નગીનદાસ જૈન | કલકત્તા | ૫૦ |
| ૩૦ | વાસંતીબેન એચ. જૈન | મોરબી | ૫૫ | ૬૧ | નરેશકુમાર મનસુખલાલ જૈન | ગોંડલ | ૬૦ |
| ૩૧ | નગીનચંદ્ર જે. જૈન | વીંછીયા | ૪૫ | ૬૨ | સ્મિતાબેન દામોદરદાસ જૈન | અમદાવાદ | ૫૫ |
| ૩૨ | ચતુરભાઈ ડી. રજાત | અમરેલી | ૫૦ | ૬૩ | શારદાબેન ગુલાબચંદ જૈન | જામનગર | ૫૦ |
| ૩૩ | રૂમાલભાઈ લાલજી | લીંબડી (સંતરામપુર) | ૪૦ | ૬૪ | પુષ્પાબેન મનહરલાલ દોશી | દાદર | ૬૫ |
| ૩૪ | મહેન્દ્રલાલ કનૈયાલાલ જૈન | દાહોદ | ૫૫ | ૬૫ | બાબુલાલ દેવચંદ ભાવસાર | રતનપુર | – |
| ૩૫ | પ્રદીપ હીરાલાલ જૈન | મુંબઈ | ૪૫ | ૬૬ | રાજેશ મનસુખલાલ જૈન | ગોંડલ | ૫૦ |
| ૩૬ | સરોજ જૈન | દાહોદ | ૪૫ | ૬૭ | લાભકુંવરબેન ન્યાલચંદ જૈન | ગોંડલ | ૫૦ |
| ૩૭ | વસંત એ. શાહ | પ્રાંતિજ | ૩૫ | ૬૮ | લીલાવતીબેન પોપટલાલ જૈન | ગોંડલ | ૮૦ |
| ૩૮ | મનોરમાબેન હજારીમલ જૈન | દાહોદ | ૫૦ | ૬૯ | સૌ. ભાનુમતીબેન પારેખ | રાજકોટ | ૬૦ |
| ૩૯ | હસમુખ બી. જૈન | કલકત્તા | ૪૩ | ૭૦ | અરવિંદકુમાર અનંતરાય જૈન | મુંબઈ | ૭૫ |
| ૪૦ | સી. એચ. જૈન | વાંકાનેર | ૫૫ | ૭૧ | હેમંતકુમાર અનંતરાય જૈન | સોનગઢ | ૭૦ |
| ૪૧ | ભદ્રેશકુમાર રમણિકલાલ જૈન | મુંબઈ | ૫૫ | ૭૨ | મીનાબેન કાંતિલાલ જૈન | ભાવનગર | ૫૦ |
| ૪૨ | વિકાસચંદ્ર એમ. જૈન | પોરબંદર | ૫૫ | ૭૩ | નીલમબેન મહેતા (સાવરકુંડલા) | કલકત્તા | ૬૦ |
| ૪૩ | રૂપાબેન જૈન બી. એસ. સી. | રાંચી | ૫૩ | ૭૪ | દીપક જૈન | દિલ્હી | ૭૫ |
| ૪૪ | ભરતકુમાર નાગરદાસ જૈન | કલકત્તા | ૫૦ | ૭૫ | અતુલ પ્રભુદાસ જૈન | સોનગઢ | ૫૫ |
| ૪૫ | રતિલાલ અમીચંદ જૈન | સુરેન્દ્રનગર | ૩૪ | ૭૬ | સુશીલાબેન એમ. શાહ | સાબલી | ૫૦ |
| ૪૬ | યોગેશ જૈન (નં. ૩૫૭) | —— | ૪૫ | ૭૭ | વીણાબેન પી. જૈન | સોનગઢ | ૬૫ |
| ૪૭ | જસવંતરાય જે. જૈન | (મલાડ)મુંબઈ | ૫૭ | ૭૮ | રંજનબેન વાડીલાલ જૈન | વઢવાણ | ૬૦ |
| ૪૮ | કિશનકુમાર રમણિકલાલ જૈન | રાજકોટ | ૫૫ | ૭૯ | મયુરીબેન ચુનીલાલ જૈન | મુંબઈ | ૬૦ |
| ૪૯ | નવીનચંદ્ર દામોદરદાસ જૈન | અમદાવાદ | ૫૯ | ૮૦ | સતીશ પી. શાહ | ઘાટકોપર | ૫૦ |
| ૫૦ | રતિલાલ શિવશંકર કામદાર | જોરાવરનગર | ૬૦ | ૮૧ | અમૃતલાલ નેમચંદ જૈન | વડોદરા | ૫૫ |
| ૫૧ | એક ભાવિક બેન | રાજકોટ | ૪૫ | ૮૨ | નયનાબેન વૃજલાલ જૈન | રાજકોટ | ૬૦ |
| ૫૨ | ફકીરચંદ શિવલાલ જૈન | નરોડા | ૬૦ | ૮૩ | માયાબેન વૃજલાલ જૈન | રાજકોટ | ૭૦ |
| ૫૩ | નીલાબેન જૈન | અમદાવાદ | ૫૭ | ૮૪ | ચંદ્રાબેન વૃજલાલ જૈન | રાજકોટ | ૬૦ |
| ૫૪ | હરીશકુમાર શાંતિલાલ જૈન | જામનગર | ૪૦ | ૮૫ | સુભાષ વૃજલાલ જૈન | રાજકોટ | ૬૦ |
| ૫૫ | બ્ર. લલિતાબેન જૈન | ફતેપુર | ૬૦ | ૮૬ | રાજકિશોર જૈન | બડોત | ૪૦ |
| ૫૬ | વિનયચંદ્ર હરજીવનદાસ જૈન | અમદાવાદ | ૬૦ | | | | |

(આ ઉપરાંત વૈશાખ સુદ બીજની જન્મજયંતિના ઉપલક્ષમાં ગુરુદેવ પ્રત્યે ભક્તિ વ્યક્ત કરતા કેટલાક લેખો–કાવ્યો–ચિત્રો વગેરે મળેલ હતા, તે સૌને પણ ધન્યવાદ!)

આપે નિબંધ લખ્યો હોય ને આપનું નામ ન આવ્યું હોય તો અમને જણાવો; અને જો આપનો નિબંધ શ્રેષ્ઠ હોવાનું આપને લાગતું હોય તો ફરી લખી મોકલો. તા. ૩૦ જુન સુધીમાં તે સ્વીકારીશું. હવે નવા નિબંધ ન મોકલવા.

નિબંધમાં સૌએ ઉત્સાહથી ભાગ લઈને સુંદર ભાવો વ્યક્ત કર્યા છે. આ નિબંધોનો સંગ્રહ પુસ્તકરૂપે છપાવવાની કેટલાકની માંગણી છે. જો છપાય તો આપને કેટલા પુસ્તકોની જરૂર પડશે તે જણાવશો. કિંમત અંદાજ એક રૂપિયો થશે.

* * *

## જૈનોની વસ્તી કેટલી ?

વીસ લાખ ? ના, એનાથી વધુ.
એક કરોડ ?......ના, એનાથી વધુ.
દશ કરોડ ?.....જી ના; એથી પણ વધુ.
તો શું એક અબજ ? જી ના, હજી વધુ.
તો શું પાંચ અબજ ? હજી પણ વધુ.
જૈનો તો અસંખ્ય લાગે છે ?–બરાબર !

* અઢી દ્વીપ બહાર અસંખ્યાતા સમ્યગ્દ્રષ્ટિ જીવો વસે છે, તે બધા જૈનો છે.

* નરકમાં તેમજ સ્વર્ગમાં અસંખ્યાત સમ્યગ્દ્રષ્ટિ છે, તેઓ બધા જૈન છે.

* મનુષ્યોમાં ૯ કરોડ જેટલા મુનિઓ, ૭ અબજ સમ્યગ્દ્રષ્ટિઓ, આઠ લાખ કેવળી અરિહંત ભગવંતો,–એ બધા પણ જૈન છે.

કહો જોઈએ, જૈનોની વસતી કેટલી બધી છે !!

આવા જૈન–ધર્માત્માઓ વડે જગતમાં જૈનધર્મ સદા જયવંત છે.

****************************************************************

પ્રશ્નઃ– પોતાના આત્મામાં પહેલાં દોષ જોવા કે ગુણ ?

ઉત્તરઃ– જો એકલા દોષ સામે જોયા કરે ને ગુણને લક્ષમાં ન લ્યે તો દોષ ટળી શકે નહીં; તેમજ ગુણનું સ્વરૂપ જાણ્યા વગર સૂક્ષ્મ દોષોને પકડી શકાય નહીં. જ્યાં પોતાના આત્માના વીતરાગી ગુણોને ઓળખે ત્યાં તેનાથી વિરુધ્ધ એવા દોષનું સ્વરૂપ પણ જીવને ખ્યાલમાં આવી જ જાય છે, અને નિજગુણની રુચિ વડે તે જીવ દોષને ટાળતો જાય છે. આ રીતે ગુણની મુખ્યતાપૂર્વક દોષનું જ્ઞાન પણ સાથે થઈ જાય છે. ગુણની અસ્તિ જાણી ત્યાં દોષની તેમાં નાસ્તિ જાણી–એમ અનેકાંત છે. જેણે નિજગુણને જાણ્યા છે તે જીવ ક્રોધાદિ દોષના એક અંશને પણ નિજસ્વરૂપમાં માનતો નથી, શુદ્ધસ્વરૂપથી તેને ભિન્ન જાણીને, તેનું અકર્તાપણું પ્રગટ કરીને, તેઓ અભાવ કરે છે ને ગુણને પ્રગટ કરે છે.–આવો જિનમાર્ગ છે.

****************************************************************

# વૈરાગ્યપ્રેરક ઉત્તમ લેખ

[ લેઃ સૌ. પુષ્પાબેન એમ. દોશી, ઘાટકોપર ]

**આત્મધર્મની નિબંધયોજનામાં વિદ્યાર્થીઓ ઉપરાંત બીજા અનેક જિજ્ઞાસુઓએ પણ ભાગ લીધો છે. એવા એક જિજ્ઞાસુ બેનનો આ વૈરાગ્યરસભીનો લેખ છે. સંસારના ગમે તેવા પ્રસંગમાં પણ આપણા મુમુક્ષુઓની વિચારધારા કેવી ઊંચી હોય છે? ને વૈરાગ્ય તરફ ઢળતી હોય છે-તેનો ખ્યાલ આ લેખ વાંચવાથી આવશે. ( સં. )**

શરૂઆતમાં તેઓ લખે છે કે આત્મધર્મ અંક ૩૧૬ માં નિબંધ માટે જે સાત વિષયો આપ્યા છે તે એકદમ સરસ છે, તેમાંથી ત્રીજો વિષય પસંદ કરીને હું આ વૈરાગ્યપ્રેરક લેખ લખું છું.

જીવને વૈરાગ્ય તરફ વળવાના તો અનેક પ્રસંગો બને છે, પરંતુ જ્યારે નિકટમાં નિકટના સગાનું અવસાન થાય છે ત્યારે તે કરુણ પ્રસંગ અત્યંત વૈરાગ્યનું કારણ બને છે; ચારે બાજુથી વૃત્તિ ઊઠી જાય છે, અને ક્યાં શાંતિ તથા સમાધાન મળે એ શોધવા માટે જીવ દિનરાત ઝંખે છે. આવી પરિસ્થિતિમાં જો ધર્મનું શરણું હોય તો જ સમાધાન મેળવી શકાય છે, એ સિવાય બીજો એકેય રસ્તો નથી.

આ સંસારમાં જે જન્મ્યું છે તે જરૂર એક દિવસ જવાનું જ છે. જે સંયોગ છે તે વિયોગ લઈને જ આવ્યો છે. આ દેહની સ્થિતિ મર્યાદિત છે, તે કાંઈ કાયમ રહેનાર નથી. દેહ તો વિનાશી છે; અવિનાશી તો આતમરામ છે. મોટા ને નાના, વૃદ્ધ કે યુવાન બધાને એક દિવસ તો દેહ છોડીને બીજે જવાનું જ છે.–એ તો સંસારી જીવનો ક્રમ છે છતાં મનુષ્ય સંસારની માયાજાળમાં એટલો બધો સપડાઈ ગયો હોય છે–ભોગવિલાસના રંગમાં એવો રંગાઈ ગયો હોય છે કે તે આત્માના કલ્યાણને ભૂલીને બહારના ઐહિક સુખમાં અટવાયા કરે છે. દેહમંદિરમાં રહેલા પોતાના દેવને ભૂલી, બાહ્યમાં આ જડના ઢીંગલાના દેખાવમાં ને તેની સજાવટમાં રચ્યો–પચ્યો રહે છે; પરિણામે દેહની નશ્વરતા અને આત્માની અમરતાનોય તેને ખ્યાલ રહેતો નથી, દેહ પાછળ જીવન નકામું ચાલ્યું જાય છે. અરે, દેહાદિ સંયોગની નશ્વરતાને કોણ નથી જાણતું? એ તો ગમે તે ઘડીએ છૂટી જશે. છૂટું છે એટલે છૂટુ પડે છે. તદ્દન સાજોનરવો માનવી બીજી જ ક્ષણે અકસ્માતનો ભોગ બનતો દેખાય છે. તો કોઈ હૃદયરોગના હુમલાનો ભોગ બને છે; કરોડપતિનો જુવાનજોધ

૪૦ વર્ષનો રાજકુંવર જેવો દીકરો–રાત્રે તો શાંતિથી સુતો હોય ને સવારમાં (જાગીને જોઉં તો જીવન દીસે નહીં!) અચાનક એનું અવસાન નજરે પડતાં કે તેના સમાચાર સાંભળતાં એનાં સગાંઓને મોહથી કેટલું દુઃખ થાય? તે બીજાું શું કરે? કાંતો શોકથી દુઃખી થાય, કાં તો જ્ઞાનના લક્ષે વૈરાગ્ય કરીને સમાધાન કરે. બાકી સાક્ષાત્ ત્રણ લોકના નાથ તીર્થંકર ભગવાન પણ કોઈના આયુષ્યમાં એક સમય માત્રનો પણ વધારો કરી શકતા નથી. આયુષ્યમાં ફેરફાર કરવા તો ઇન્દ્ર–નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ સમર્થ નથી. દેવલોકના દેવો, કે જેમનું કરોડો–અબજો વર્ષનું આયુષ્ય હોય છે તેમનો પણ મરણસમય આવે છે ત્યારે તેમની રક્ષા કરીને તેમને મરણથી કોઈ બચાવી શકતું નથી; તો પછી આ મનુષ્યલોકના સાધન સગવડ કે ડોક્ટર, કે કુટુંબીજનો તો શું કરી શકે? તે શરીરની સાથે સ્વજનનો સંબંધ છે તેથી દુઃખ થાય છે; નાશ તો શરીરનો થાય છે; આત્મા તો અમર છે, તે આ શરીરનું ઘર બદલીને બીજા ઘરમાં જાય છે. જો શરીરરહિત એવા આત્માની દ્રષ્ટિ કરે તો તેને ફરી આવા શરીર ધારણ કરવા પડતા નથી; દેહ વગરનું કાયમી જીવન તે જીવે છે, ને મોક્ષપુરીમાં મહાલે છે.

પૂ. ગુરુદેવ કહે છે તેમ, આ મનુષ્યભવ વીજળીના ચમકારા જેવો છે, પાણીના પરપોટા જેવું ક્ષણિક જીવન છે; હે ભાઈ! જો તું આ મનુષ્યભવમાં પણ સત્સમાગમે આત્મહિત માટે કાંઈ નહીં કરે તો અનંત જન્મ–મરણના ફેરામાં ફર્યા કરીશ માટે આ ભવમાં જ શીઘ્ર પ્રમાદને છોડ. તીવ્રબુદ્ધિનો ઉપયોગ કરી ખરો આત્માર્થી બન, અને જડ–ચેતનની અત્યંત ભિન્નતાને સમજી લે. આ માટે, આત્મસિદ્ધિનાં પ્રવચનો અને આત્મધર્મનાં અંકો શરૂઆતના જિજ્ઞાસુ–મુમુક્ષુ જીવોને ખૂબ જ ઉપયોગી તથા વૈરાગ્યના પ્રબળ કારણરૂપ છે; તેથી તેનું શ્રવણ, તેનું વાંચન, તેનું મનન એ બધું કરવાનો સમય છે. રે જીવ! પૂર્વપુણ્યનાં ફળથી આ જીવન દરમિયાન ધર્મ કરવાને યોગ્ય બધી જાતની અનુકૂળતા અને જ્ઞાનીનો સત્સંગ મળ્યો છે, તો તેમાં આત્મહિત માટે તૈયારી કરવાની છે; કારણ કે જીવ તો એકલો જ જન્મે છે ને એકલો જ દેહ છોડીને ચાલ્યો જાય છે,–સાથે પાપ–પુણ્યના ફળ અને ધર્મના સંસ્કાર જ આવે છે. આ લોકની કોઈપણ વસ્તુ તને સાથ આપનાર નથી, માત્ર ધર્મનું શરણું જ સાથીદાર બને છે.

સંસારની વિટંબના એવી છે કે જીવને અનાદિ કાળની ટેવ હોવાથી તે બાહ્ય પ્રલોભનોમાં આકર્ષાઈ જાય છે; પરંતુ જો ઉગ્ર પુરુષાર્થ ઉપાડે તો તેને અટકાવવા કોઈ સમર્થ નથી. આત્મા સ્વયં આનંદમય, સુખ અને શાંતિનો સમુદ્ર છે. પુણ્ય–પાપના ફળમાં અનુકૂળ–પ્રતિકૂળતાની કલ્પના કર્યા વગર, એકલા ચિદાનંદ સ્વભાવમાં જ ચિત્તને કેન્દ્રિત કરવાથી સાચી અપૂર્વ શાંતિ અનુભવી શકાય છે.

અમે આવો શુદ્ધભાવ કેળવવા માટે, તેની ભાવનાપૂર્વક નિયમિત શાસ્ત્રવાંચન, વિચાર–મનન ને સત્સંગ કરીશું, મહાસતી અંજનાના દુઃખોનું વર્ણન વાંચતાં કેવો વૈરાગ્યભાવ આવી જાય છે? પ્રતિકૂળતા હો તો ભલે હો, જીવે પોતાની વૈરાગ્યભાવનામાં ટકીને જિજ્ઞાસા વધારવી. પ્રતિકૂળતાના પ્રસંગે જીવના ભાવની કસોટી થાય છે. આત્માની ભાવના વડે તે કસોટીમાંથી પાર ઉતરીએ ને આનંદમય નિજ આત્મપદને પામીએ–એ જ અભ્યર્થના.

## “અમે જિનવરનાં સંતાન” ( નવા સભ્યોનાં નામ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪૯૬ | વંદનાબેન લીલાધરભાઈ જૈન | મુંબઈ | ૨૫૧૫ | શૈલેષકુમાર હિંમતલાલ જૈન | મુંબઈ |
| ૨૪૯૭ | હરેશભાઈ કનુભાઈ જૈન | વઢવાણ સીટી | ૨૫૧૬ | રાજેન્દ્રકુમાર કેશવલાલ જૈન | માલાવાડા |
| ૨૪૯૮ | વિજયકુમારી જૈન | જાવરા | ૨૫૧૭ | રૈયાલાલ કાનજીભાઈ જૈન | સાવરકુંડલા |
| ૨૪૯૯ | શકુનકુમારી જૈન | જાવરા | ૨૫૧૮ | પ્રદિપકુમાર દેવેન્દ્રભાઈ જૈન | દાહોદ |
| ૨૫૦૦ | અશોકકુમારી જૈન | જાવરા | ૨૫૧૯ | પરેશકુમાર એચ. જૈન | દાહોદ |
| ૨૫૦૧ | ચંદ્રસિંહ દાજીભાઈ જૈન | વઢવાણ સીટી | ૨૫૨૦ | પ્રદિપકુમાર બી. જૈન | દાહોદ |
| ૨૫૦૨ | પ્રકાશચંદ્ર એ. જૈન | ધ્રાફા | ૨૫૨૧ | રમેશચંદ્ર નાનાલાલ જૈન | રતનપુર |
| ૨૫૦૩ | પિયુષકુમાર ત્રિભોવનદાસ જૈન | ગોંડલ | ૨૫૨૨ | જતીનચંદ્ર નવિનચંદ્ર જૈન | મુંબઈ |
| ૨૫૦૪ | ભરતકુમાર વિનેચંદભાઈ જૈન | ગોંડલ | ૨૫૨૩ | દિપકકુમાર રમણલાલ જૈન | અમદાવાદ |
| ૨૫૦૫ | મહાવીરકુમાર નેમીનાથ જૈન | કારંજા | ૨૫૨૪ | પરેશકુમાર અરવિંદભાઈ જૈન | મૂળી |
| ૨૫૦૬ | હસુમતીબેન કાંતીલાલ જૈન | ખંડવા | ૨૫૨૫ | ભરતકુમાર કેશવલાલ જૈન | માલાવાડા |
| ૨૫૦૭ | દિલીપકુમાર ભોગીલાલભાઈ જૈન | બોટાદ | ૨૫૨૬ | સંગીતાબેન પ્રફુલચંદ્ર જૈન | ભીલાઈ |
| ૨૫૦૮ | ચેતનકુમાર મનુભાઈ જૈન | મુંબઈ | ૨૫૨૭ | નીતિનકુમાર ચીમનલાલ જૈન | અમદાવાદ |
| ૨૫૦૯ | સીમોનકુમારી અનીલભાઈ જૈન | મુંબઈ | ૨૫૨૮ | અમૃતલાલજી તેજપાલજી જૈન | કુરાવાડ |
| ૨૫૧૦ | દિપકકુમાર કાંતિલાલ જૈન | મુંબઈ | ૨૫૨૯ | અર્ચનાબેન જૈન | રાજકોટ |
| ૨૫૧૧ | ચેતનાબેન કાંતિલાલ જૈન | મુંબઈ | ૨૫૩૦ | હિતેષકુમાર કિશોરચંદ્ર જૈન | મુંબઈ |
| ૨૫૧૨ | નિરંજનભાઈ કાંતિલાલ જૈન | મુંબઈ | ૨૫૩૧ | ચેતનાબેન પ્રેમજી જૈન | મુંબઈ |
| ૨૫૧૩ | ચૈતન્યકુમાર હિંમતલાલ જૈન | મુંબઈ | ૨૫૩૨ | દર્શનાબેન પ્રેમજી જૈન | મુંબઈ |
| ૨૫૧૪ | અશોકકુમાર ગેંદાલાલ જૈન | દાહોદ | | | |

# કુંડલા શહેરના પ્રવચનોમાંથી

( ગતાંકમાં બાકી રહેલો ભાગ )

આત્મા ચૈતન્ય–હંસલો છે. જેમ હંસ દૂધ અને પાણીને જુદા પાડીને દૂધને ગ્રહણ કરે છે; તેમ જ્ઞાન અને રાગ એ બંનેની ભિન્નતાનું જ્ઞાન કરીને ધર્મી જીવ ચૈતન્યહંસલો રાગાદિને છોડે છે ને નિર્મળ જ્ઞાનઆનંદનું વેદન કરે છે.

આત્મા નિજસ્વરૂપને ભૂલીને મિથ્યાત્વ અને રાગ–દ્વેષના ભાવથી સંસારમાં ચારગતિનાં દુઃખ ભોગવી રહ્યો છે. તે દુઃખથી આત્મા કેમ છૂટે ?–તેનું જેને રટણ હોય એવા જીવને પ્રશ્ન ઊઠે છે કે પ્રભો ! આ આત્મા દુઃખદાયી આસ્રવોથી કેમ છૂટે ?

તેને આત્માનું પરમાર્થસ્વરૂપ સમજાવે છે. પ્રથમ રાગ–મિશ્રિત ભૂમિકામાં 'જ્ઞાનવડે' આત્માનું સ્વરૂપ નક્કી કરે છે. જ્ઞાનને એકદમ અંતર્મુખ કરવા જતાં, પ્રથમ તે તરફનો વિકલ્પ રહે છે; પણ ત્યાં જે વિકલ્પ છે તે વિકલ્પ કાંઈ આત્માના અનુભવનું કારણ નથી. વિકલ્પથી ભિન્ન થઈને જ્ઞાનને અંતર્મુખ કરે ત્યારે જ આત્માનો અનુભવ થાય છે. આવો અનુભવ તે અપૂર્વ ચીજ છે. અપૂર્વ છે–પણ તે આત્માથી થઈ શકે તેમ છે; અપૂર્વ છે છતાં અશક્ય નથી. પરવસ્તુને પોતાની માનવા છતાં તેને પોતાની કરવી તે તો અશક્ય છે, થઈ શકતી જ નથી. રાગથી પુણ્યથી મોક્ષ સાધવા માંગે તો તે પણ અશક્ય છે, રાગ વડે મોક્ષ કે ધર્મ થઈ શકે નહીં. આત્માનું રાગથી ભિન્ન સ્વરૂપ અનુભવમાં લેવું તે દુર્લભ હોવા છતાં જીવથી થઈ શકે તેવું છે. અનંતા જીવો એવો અનુભવ કરી કરીને મોક્ષ પામ્યા છે. અને એવો અનુભવ કરવાની આ રીત કહેવાય છે.

આત્મા જ્ઞાનદર્શનથી જ સમગ્ર–પરિપૂર્ણ છે, તેમાં કોઈ વિકલ્પના પ્રવેશનો અવકાશ નથી. ચેતનાની નિર્મળ અનુભૂતિસ્વરૂપ આત્મા છે, તેમાં હું કર્તા, નિર્મળ પર્યાય તે કાર્ય ઇત્યાદિ કારકભેદના વિકલ્પ નથી. વિજ્ઞાનઘન આત્મા વિકલ્પગમ્ય થતો નથી. ચૈતન્યનિધાનની પ્રાપ્તિ તો અંતર્મુખ ઉપયોગથી થાય છે, ઇન્દ્રિયો તરફના બાહ્ય વલણથી ચૈતન્ય નિધાન પમાતા નથી.

વિકલ્પ કેમ અટકે ? કે આત્મા અને રાગની, ભિન્નતા જાણીને જ્ઞાનમાં ઉપયોગ એકાગ્ર થયો ત્યાં રાગથી નિવૃત્તિ થઈ, વિકલ્પોથી ભિન્નતા થઈ, જ્ઞાન જ્ઞાનમાં જ પોતાપણે પ્રવર્ત્યું એટલે સમ્યગ્દર્શન થયું ને મોક્ષમાર્ગરૂપ ધર્મ શરૂ થયો.

જ્ઞાનદર્શનમય આખો સ્વભાવ હોય તેમાં રાગનો ખંડ કેમ હોય ? રાગ હોય ત્યાં અખંડ જ્ઞાન ન રહે. ધર્મી તો પોતાને રાગથી જુદો અખંડ જ્ઞાનરૂપ અનુભવે છે. આવા અનુભવ વડે જ ક્રોધાદિ અજ્ઞાનમય ભાવોનો ક્ષય થાય છે. *

# ધન્ય તે યોગી

## જે ખાતાં-ખાતાં ધરાય નહીં છતાં મોક્ષમાં જાય

જેમ સંસારી ગૃહસ્થો રસોઈ બનાવે છે ને જમે છે, તેમ યોગીઓ પણ એક સરસ રસોઈ બનાવે છે ને જમે છે.....ફેર એટલો છે કે ગૃહસ્થોની રસોઈ પૌદ્ગલિક રસોઈ છે ને તેનો ઉપભોગ પણ સંસારનું કારણ છે; ત્યારે યોગીની રસોઈ એ તો આત્મિક રસોઈ છે, એ રસોઈ અતીન્દ્રિયરસથી ભરેલી છે...અને એ રસોઈનો ઉપભોગ તે મોક્ષનું કારણ છે. આવી આનંદરસથી ભરપૂર રસોઈ જેઓ સ્વયં બનાવે છે ને સ્વયં તેને ખાય છે... ખાતાં ખાતાં મોક્ષમાં જાય છે, એવા યોગીમુનિવરોની એક સુંદર સ્તુતિ કવિ નૈનસુખદાસજીએ બનાવેલી છે, જે અહીં આપી છે.

આ સ્તુતિ સં. ૨૦૧૨ માં શિખરજીની યાત્રાએ જતાં મેરઠમાં કલાકાર શ્રી તારાચંદજી પ્રેમીના મધુર કંઠે સાંભળવા મળેલી, ને ખૂબ ગમેલી; ફરીને ગત વૈશાખ માસમાં તારાચંદજી પ્રેમી સોનગઢ આવ્યા ત્યારે તેમણે આ ગીત સંભળાવ્યું...ગુરુદેવ સહિત સૌને ગમ્યું...તે અહીં રજુ થાય છે. સંગીતકાર શ્રી તારાચંદ્રજી પ્રેમી જૈન એક રાષ્ટ્રગાયક છે; એકવાર સ્વ. વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુ પણ તેમનું સંગીત સાંભળી મુગ્ધ બન્યા હતા, ને તેમની પ્રશંસા તથા સન્માન કર્યું હતું.

એક યોગી અશન બનાવે...તસુ ભખત હી પાપ નસાવે.......એક યોગી.<br>
જ્ઞાનસુધારસ જલ ભર લાવે, ચોકા શિલ લગાવે;<br>
કર્મકાષ્ટકો ચુગ ચુગ બાળે, ધ્યાન–અગ્નિ પ્રજલાવે........એક યોગી.<br>
અનુભવ–ભાજન નિજગુણ તંદુલ, સમતા ક્ષીર મિલાવે,<br>
સોહં મિષ્ટ નિઃશંકિત વ્યંજન, સમકિત ઝોંક લગાવે....એક યોગી.<br>
સ્યાદ્વાદ સપ્ત ભંગ મસાલે, ગિનતી પાર ન પાવે,<br>
નિશ્ચયનયકો ચમચા ફેરે, બારહ ભાવના ભાવે......એક યોગી.<br>
આપ બતાવે આપ હી ખાવે, ખાવત નાહીં અઘાવે,<br>
તદપિ મુક્તિ પંથ જુ સેવત, નૈનાનંદ શિર નાંવે......એક યોગી.

અર્થ માટે સામે પાને જુઓ–



आपके भोजनका प्रसाद
हमको भी दीजिये

આ ભજન દ્વારા મુનિરાજની સ્તુતિ કરતાં કવિ નૈનાનંદજી કહે છે કે અહો, ધન્ય તે યોગીરાજ કે જેઓ એવું ભોજન બનાવે છે,–જે ભોજનનો સ્વાદ લેતાં પાપનો નાશ થઈ જાય છે. તે યોગીરાજ અંતરના અનુભવરૂપી કુવામાંથી જ્ઞાનસુધારસરૂપી શુદ્ધ જળ ભરી લાવે છે, ને જેમાં અશુદ્ધતાનો પ્રવેશ ન થાય એવા શીલરૂપી ચોકો લગાવે છે; આઠ કર્મરૂપી કાષ્ટને શોધી–શોધીને બાળે છે ને ધ્યાનઅગ્નિ જલાવે છે...આવી વિધિથી એક યોગી ભોજન બનાવે છે.

## ભોજનમાં શું બનાવે છે?

સ્વાનુભવરૂપી વાસણમાં નિજગુણરૂપી ચોખા, અને સમતારુંપી દૂધ મેળવીને ખીર બનાવે છે; સાથે 'સોહં' એવી દ્રઢ નિઃશંકતા આદિ અષ્ટ ગુણરૂપી શાકને સમ્યક્ત્વ વડે વઘારે છે.. વળી સ્યાદવાદરૂપી સપ્ત ભંગના મસાલા નાંખે છે–જે ગણતાં પાર આવતો નથી; નિશ્ચયનયનો ચમચો ફેરવીને તેને હલાવે છે ને બાર ભાવના ભાવે છે.

## એક યોગીરાજે આવું સરસ ભોજન તો બનાવ્યું, - પણ હવે તે ખવડાવે છે કોને?

સ્વાનુભવના ભાજનમાં આવું ભોજન બનાવે છે ને યોગીરાજ પોતે જ તે ખાય છે; ખાતાં ખાતાં ધરાતાં નથી;–આવું ભોજન કરવા છતાં તે યોગીરાજ મુક્તિપંથને સેવી રહ્યા છે.–અહો! નયનોને આનંદકારી એવા એ યોગીરાજને કવિ નૈનાનંદ શિર નમાવીને નમસ્કાર કરે છે.

# વાંચકો સાથે વાતચીત અને વિવિધ ચર્ચા

આત્મધર્મમાં 'વાંચકો સાથે વાતચીત' ના આ વિભાગે વાંચકવર્ગ સાથે સીધો સંબંધ જાળવીને જિજ્ઞાસુઓમાં સારો રસ જગાડયો છે, કેમકે આ વિભાગ દ્વારા અવનવા કેટલાય તાત્ત્વિક પ્રશ્નોની છણાવટ થયા કરે છે. ગુરુદેવ પાસે ચાલતી તત્ત્વચર્ચાઓમાંથી, કોઈ શાસ્ત્રોમાંથી, તેમજ અનેક જિજ્ઞાસુઓ દ્વારા આવેલા પ્રશ્નો અનુસાર અનેકવિધ સામગ્રી અવારનવાર આ વિભાગમાં આવે છે. આપ પણ આ વિભાગમાં ભાગ લઈ શકો છો અને જિજ્ઞાસુભાવે પ્રશ્નો પૂછી શકો છો. આત્મધર્મની શૈલીને યોગ્ય હોય એવા લગભગ બધા પ્રશ્નોના જવાબ આપવા પ્રયત્ન કરવામાં આવે છે.

* જેઠ સુદ પાંચમના મંગલ દિવસે સોનગઢમાં શ્રુતપૂજન થયું હતું, અને પ્રવચનમાં શ્રી અષ્ટપ્રાભૃતનું વાંચન શરૂ થયું હતું. (ત્યારપહેલાં પંચાસ્તિકાય વંચાતું હતું.) સવારે પ્રવચનમાં સમયસાર મોક્ષઅધિકાર વંચાય છે. (અષ્ટપ્રાભૃત સોનગઢમાં મલતા નથી, જેમની પાસે હોય તેમણે સોનગઢ લાવવા.)

* જોરાવરનગરથી એક વિદ્યાર્થી લખે છે કે અમે સોનગઢમાં ધાર્મિક કલાસ પૂરો કરીને અહીં આવ્યા છીએ, પરંતુ અહીં અમને ગમતું નથી, આખો દિવસ ત્યાંનું વાતાવરણ યાદ આવ્યા જ કરે છે. ફરીને ત્યાંનું વાતાવરણ જલ્દી જોવા મળે એમ ઈચ્છીએ છીએ. (આવી જ ભાવનાવાળા પત્રો મોરબી વગેરેના વિદ્યાર્થીઓ તરફથી પણ આવ્યા છે.)

* નવીન જૈનબાળપોથી ખૂબ જ સુંદર આકર્ષક અને સરળ છે. જૈનધર્મના દરેક ફિરકામાં સૌને ઉપયોગી થાય તેવી છે. વિદ્યાર્થીઓને આવા સંસ્કારની ખાસ જરૂર છે.

લી. મહેશ જે. જૈન, મોરબી

* નવી–જૈનબાળપોથી રાજકોટ, વાંકાનેર, વઢવાણ, ઘાટકોપર વગેરે અનેક સ્થળે પાઠશાળામાં ચાલુ થયેલ છે, ને નાનાં બાળકો હોંશથી તે ભણીને પોતાનો ઉત્સાહ બતાવે છે. કેટલાક બાળકોના પત્રો પણ આવ્યા છે.

* મુકેશભાઈ વડોદરા (સ. નં. ૧૭૬૫) લખે છે કે–આત્મધર્મ અંક ૩૧૮માં નમસ્કાર મંત્રની વાર્તા, તથા ગુરુદેવે આપેલો નાવીક અને પંડિતનો દાખલો, તે વાંચીને ખૂબ જ ગમ્યું, અને નવીન ઉત્સાહ મળ્યો. આ રીતે અમને નવીન ઉત્સાહ આપતા

રહો તો સારૂં! (ભાઈશ્રી, તમારા ઉત્સાહ માટે ધન્યવાદ! અને તમારી પાસેથી ધાર્મિક વાર્તા સાંભળી તમારા મિત્ર એસ. જે. પંડયાએ જે રસ બતાવ્યો તે માટે તેમને પણ ધન્યવાદ!)

* 'આત્મધર્મ માં અમરકુમારની અમર કહાની વાંચીને ઘણો જ આનંદ થયો. બાળકો પણ તે ઘણી હોંશથી વાંચે છે. અને અમને તો આખું આત્મધર્મ વાંચતાં જાણે મોક્ષનગરીમાં હોઈએ–એવું લાગે છે.' –ભોગીલાલ સોમચંદ

* જન્મદિવસની ભેટ મળતાં ગોંડલના સ. નં. ૨૪૬ પ્રમોદથી લખે છે કે–અમારા જન્મદિવસે મળતી ભેટ દ્વારા અમને ઉત્તમ શિખ મળે છે, સીનેમા અને ભૌતિકવાદના આ જમાનામાં અધ્યાત્મરસ તથા તત્ત્વજ્ઞાનની રેલમછેલ કરતું આત્મધર્મ અને તેના બાલવિભાગ દ્વારા અમને ખૂબ પ્રોત્સાહન આપી રહ્યા છો; અને અમારા જીવનમાં ધર્મના પાયા મજબુત કરી રહ્યા છો.

*** ચામડાની વસ્તુનો ઉપયોગ બંધ કરો-**

ચામડાને અસ્પૃશ્ય ગણવામાં આવ્યું છે. જૈનસમાજે ચામડાની વસ્તુઓ બૂટ –ચંપલ–વાજિંત્રો વગેરેનો ઉપયોગ બંધ કરવો જોઈએ. અને જિનમંદિરમાં પણ ચામડાની કોઈ વસ્તુનો પ્રવેશ હોવો ન જોઈએ.

*** રેડિયાનો સદુપયોગ**

આકાશવાણી (રેડિયો) પ્રોગ્રામમાં દિલ્હી क મીટર નં. ૨૭૦.૪ ઉપર પ્રત્યેક ગુરુવારે સવારે છ વાગે वंदना માં જૈનધર્મનાં ભજન વગેરે આવે છે; તે સાંભળો.

* "જૈનબાળપોથીનો બીજો ભાગ મળ્યો તેથી આનંદ થયો, વાંચીને વધારે આનંદ થયો; આ બાળપોથી ખરેખર બાળકોને તો ઉપયોગી છે, ઉપરાંત પુખ્તવયના તમામ માણસોને પણ ઉપયોગી છે. ધર્મપ્રત્યેનો આવો અનુરાગ દેખીને આનંદ થાય છે અને તે માટે અભિનંદન છે."

– જેઠાલાલ મોતીલાલ, અમદાવાદ

* રાજકોટના એક મુરબ્બી શ્રી (ખુશાલભાઈ કામદાર) પોતાની ઉર્મિ વ્યક્ત કરતાં લખે છે કે– ઘણા વખતથી ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ પ્રદર્શિત કરવા ઈચ્છા હતી, તે આજે અમલમાં મૂકું છું. ગુરુદેવ ૧૯૮૯–૯૦ ના ચાતુર્માસમાં રાજકોટ પધારેલા ત્યારે પહેલવહેલો પરિચયમાં આવેલો; પછી ૧૯૯૫ માં રાજકોટમાં દરરોજ પ્રવચનમાં જતો, અને આ જરૂર સમજવા જેવું છે એમ નક્કી કરેલું. ગુરુદેવના મુખમાંથી ઝરતાં અમૃતમાં આત્માની જે મીઠાશ આવે છે તે મીઠાશ બીજે ક્યાંય આવતી નથી.

ઘણો વર્ષો પહેલા મેં ગુરુદેવને પ્રશ્ન પૂછેલો કે–અમે અમારી માનેલી જે ધર્મક્રિયાઓ ( સામાયિક વગેરે ) કરીએ છીએ તે ધર્મ ખરો કે નહીં ? ગુરુદેવે હસીને જવાબ આપેલો કે ભાઈ, એ બધી ક્રિયાઓને બહુ બહુ તો શુભ ખાતે ખતવી શકાય. પણ ધર્મ તો કોઈ જુદી વસ્તુ છે. અભ્યાસ કરો તો સમજાય તેવું છે વળી મને ઘણા મારા મિત્રો કહે છે કે તમે તો સોનગઢી છો ! હું તેમનો જવાબ આપું છું કે એ મારું અહોભાગ્ય છે ! જો તમારી માફક વાદવિવાદમાં કે સંપ્રદાયના મોહમાં પડયા હોત તો આત્મહિતનો સત્યમાર્ગ અમને મળત નહીં. આત્મધર્મ દ્વારા સોનગઢમાં સોનેરી કિરણો આજે ભારતના ખૂણેખૂણે વસતા જિજ્ઞાસુઓને પ્રકાશ આપે છે. બાળકો પણ આત્મધર્મ હોંશે હોંશે વાંચે છે. તે પંદર દિવસે પ્રસિદ્ધ થાય તો સારૂં ! લક્ષપૂર્વક 'આત્મધર્મ' નો અભ્યાસ કરે તો આત્મામાં અજવાળા પ્રગટે તેમ છે.

## અમે સંતોના દાસ

અનુભવી સન્તોને દેખીને અમે માત્ર હાથ જોડીને બેસી રહીએ,
અમે પણ એવો અનુભવ કરશું...ને
એમના જેવા થઈને એમની સાથે રહીશું.

* * *

Aકવાર Bહાર પ્રાંતમાં Cદ્ધપદના સાધક Dગંબર જૈનસંત વિચરતા હતા અને કહેતા હતા કે Eશ્વરપણું Fક્ત આત્માની શુદ્ધ Gનદશા છે.

* * * * *

## બાલવિભાગની ચાર વાત

અનેક કોલેજિયન બંધુઓ સહિત ઘણા સભ્યો નીચેની ચાર વાતનું પાલન કરે છે. આપ પણ તેનું પાલન કરીને મિત્રોમાં પ્રચાર કરો–

૧ હંમેશા ભગવાનનાં દર્શન કરવા.

૨ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવો.

૩ રાત્રે ખાવું નહીં.

૪ સિનેમા જોવી નહીં.

## બાલવિભાગના સભ્ય થવા માટે-

સંપ્રદાયના ભેદભાવ વગર હજારો જૈન બાળકો–વિદ્યાર્થીઓ–કોલેજિયનો બાલવિભાગના સભ્ય થઈને, ઉત્સાહથી ધર્મના અભ્યાસ વડે જીવનને ઊંચું લઈ જાય છે. સભ્ય થવા માટે ( કોઈ ફી નથી ) નામ અને પૂરું સરનામુંઃ ઉમર, અભ્યાસ અને જન્મતારીખ અગર તિથિ નીચેના સરનામે લખી મોકલો.

**આત્મધર્મઃ બાલવિભાગ**
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## સંપાદકીય

* કેટલાક જિજ્ઞાસુઓ સૂચવે છે કે આત્મધર્મમાં લાંબા લેખોને બદલે ટૂંકા લેખો આપીને વધુ લેખો દ્વારા વિવિધતા વધારવી. જ્યારે કોઈ એમ પણ ઈચ્છે છે કે ટૂંકા લેખો કરતાં લાંબા લેખો જ વધુ આપવા. બંને પ્રકારના જિજ્ઞાસુઓને અનુલક્ષીને આત્મધર્મમાં વિવિધ લેખોનું સંયોજન કરવામાં આવે છે. કોઈ વાર ત્રીસ-ત્રીસ પાનાં ભરીને એક જ મોટો લેખ આપવો પડે છે, તો કોઈવાર બે ચાર લાઈનના ટચૂકડા લેખમાં પણ અધ્યાત્મનું મધૂરું ઝરણું વહેતું હોય છે. દાખલા તરીકે આત્મધર્મમાં એકવાર આવ્યું કે 'તું આત્મામાં ગમાડ!' માત્ર ત્રણ શબ્દ અને સાડાસાત અક્ષરના ટૂંકા લખાણમાં જાણે કે કેટલાય શાસ્ત્રોનો નીચોડ ભરેલો હોય એવી આત્મઝણઝણાટી ભરી છે. એ જ રીતે પચીસવર્ષ પહેલાં એક લેખ હતો કે 'હે જીવ! તારી પ્રભુતાની એકવાર તો હા પાડ!' લેખ તો માત્ર અડધા પાનાંનો હતો, પણ તે વાંચતાં જે ઉલ્લાસની ઉર્મિઓ આત્મામાં જાગેલી તેને જિજ્ઞાસુઓ આજે પચીસ વર્ષે પણ નથી ભૂલ્યા. તો ક્યારેક ક્રમબદ્ધપર્યાય જેવા વિષયો, પ્રવચનસારની ૮૦-૮૧-૮૨ ગાથા જેવા વિષયો, પંચપરમેષ્ઠીનું સ્વરૂપ વગેરે પ્રવચનો, પ્રભુત્વશક્તિ વગેરેનાં પ્રવચનો, ભેદજ્ઞાનની વિશેષ ભાવના ઘણા ઘણા પડખેથી ઘૂંટાવનારા કેટલાય પ્રવચનો, સમ્યગ્દર્શન માટે સમયસારની ૧૪૪ મી ગાથા જેવા વિશિષ્ટ પ્રવચનો,-ને એવા બીજા કેટલાય મહત્વના વિષયોને લગતા લેખો એટલા વિસ્તારથી આપવામાં આવ્યા છે કે ઘણીવાર તો એક જ લેખમાં લગભગ આખો અંક ભરાઈ ગયો છે. આ રીતે ટૂંકા તેમજ લાંબા બંને શૈલીના લેખોના સુંદર સંકલન વડે સર્વે જિજ્ઞાસુઓનો રસ જળવાઈ રહે છે. બાકી કોઈ લખાણ લાંબું હોય તો જ તેમાં રહસ્ય ભર્યા હોય ને ટૂંકા લખાણમાં રહસ્ય ઓછા હોય-એવું તો કોઈ માપ હોતું નથી. જિનવાણીની તો શૈલી જ અનેરી છે, એનાં કથન વિસ્તૃત હો કે ટૂંકા હો, તેમાંથી વીતરાગીરસ જ ઝરે છે...અને આપણે સૌએ એ ઉપશાંતરસનું જ પાન કરવાનું છે.

* સર્વે જિજ્ઞાસુઓ આત્મધર્મને પોતાનું જ સમજીને લાભ લઈ રહ્યા છે ને તેની પ્રભાવના તથા ઉન્નતી માટે હાર્દિક સહકાર આપી રહ્યા છે. તે પાક્ષિક થાય એવી પણ કેટલાય વખતથી મોટા ભાગના પાઠકોની ભાવના છે. આત્મધર્મનો પ્રચાર, તેની શોભા, તેની પ્રશંસા એ બધુંય ગુરુદેવ આપણને જે જિનવાણી આપી રહ્યા છે તે જિનવાણીની જ પ્રશંસા ને શોભા છે. કેમકે આત્મધર્મ એ કોઈ લૌકિક છાપું નથી પણ મુમુક્ષુઓને જિનવાણી પીરસતું અધ્યાત્મપત્ર છે. 'આત્મધર્મ' દ્વારા પણ ઘણા મુમુક્ષુઓ ઉપર ( સંપાદક ઉપર પણ ) ગુરુદેવનો મોટો ઉપકાર થયો છે.

## ફાંસીમાંથી છૂટકારો

અરે જીવ! મોહને લીધે તું ક્ષણે ક્ષણે પરભાવની ફાંસીએ તારા આત્માને ચડાવી રહ્યો છે...એનાથી આત્માને બચાવવો હોય તો ચૈતન્યસ્વરૂપ આત્માને જાણીને તેનું સ્મરણ કર. પરભાવોમાં અજ્ઞાનથી આત્મા ફસાયેલો છે, પરને પોતાનું માન્યું તે અપરાધથી પરભાવની ફાંસીમાં પડયો, પરભાવથી ભિન્ન ચિદાનંદસ્વરૂપ આત્માને ઓળખવો ને અનુભવવો તે જ આ ભવભ્રમણની ફાંસીમાંથી છૂટવાનો ઉપાય છે. અજ્ઞાન એ જ મોટી ફાંસી છે, તેનાથી છૂટવું હોય તો સમ્યગ્જ્ઞાન કર.

卐

## સમભાવ વડે ભવપાર-

સર્વત્ર રાગ-દ્વેષ છોડીને સ્વસંવેદનરૂપ સમભાવવડે જ્ઞાની કેવળજ્ઞાનને સાધે છે, અહા, ચૈતન્યનો સમભાવ! જેને જગતમાં ક્યાંય રાગ નથી, જગતમાં ક્યાંય દ્વેષ નથી, નિજસ્વરૂપના વેદનમાં જ અત્યંત લીનતા ઉપશમભાવ છે, આવો સમભાવ તે ભવસાગરથી તરવાનો ઉપાય છે. શુદ્ધાત્માના સંવેદન વગર સાચો સમભાવ જાગે નહિ. શુદ્ધાત્માના અનુભવરૂપ સમભાવમાં વીતરાગતાનો પરમ આનંદ છે.

卐

## એક નાનો વિકલ્પ પણ સમભાવમાં નથી-

અરે, ભણવા-ભણાવવાનો એક નાનો વિકલ્પ તે પણ સ્વરૂપના નિર્વિકલ્પ સમભાવને રોકનારો છે, ત્યાં બહારના બીજા વિકલ્પોની શી વાત! પરને કરું ને રાગને કરું-એવી કર્તૃત્વબુદ્ધિમાં તો મોટો વિષમભાવ છે, તેમાં તો સ્વરૂપની શાંતિનું વેદન ક્યાંથી હોય? પરથી ભિન્ન, રાગથી ભિન્ન, સહજ ચૈતન્યસ્વરૂપના અનુભવપૂર્વક ધર્મીને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન થયા, તેટલો વીતરાગી સમભાવ છે, છતાં હજી શાસ્ત્રાદિ સંબંધી વિકલ્પ ઊઠે તો તેટલો પણ પરમ સમાધિભાવમાં વિક્ષેપ પડે છે, શુદ્ધોપયોગરૂપ સમભાવમાં સ્થિત મુનિરાજને એટલો પણ વિકલ્પ નથી હોતો, નિર્વિકલ્પતાવડે શુદ્ધસ્વરૂપમાં જ નિશ્ચલ થઈને સમભાવરૂપ અમૃતનું પાન કરે છે-આવો સમભાવ તે મોક્ષનું કારણ છે. આ સમભાવમાં પરની પરમ ઉપેક્ષા છે, ક્યાંય કોઈને રાજી કરવું, કોઈથી રાજી થવું-એવી પરની અપેક્ષા તદન છૂટી ગઈ છે, ને નિજસ્વરૂપના વેદનમાં જ મગ્નતા છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૨૭૦૦